R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 2 - MAY 2022 - 60 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| નવોન્મેષ...................... | ................................................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૭ |
| પગદંડીને પત્ર | | |
| ચુંટણીના ચક્કર ........................ | સુર્યકાંત કક્કા ................... | ૯ |
| કચ્છી સમાજના દિલેર દાતાઓ | હીરાલાલ વેલજી ગાલા | ૧૦ |
| પ્રતિભાવ-પ્રતિસાદ | | |
| સર્જનાત્મકતાથી છલકાતું વ્યક્તિત્વ | નવીન રાંભિયા............... | ૧૧ |
| પગ મેં ભમરી............................................... ''બંદુકને નાળચે ફૂલ'' | લીલાધર માણેક ગડા .................. | ૧૨ |
| ભૂલો ભલે બીજું બધું ..................................... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૧૭ |
| મારું આયખું ખૂટે જે ઘડીએ.............................. | CA સંજય વિસનજી છેડા.............. | ૨૧ |
| **Bhava Chakra to Dhamma Chakra** | Lax Kenia .............................. | ૨૫ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૧ |
| લાભ ના માલિક નહીં ભાગીદાર બનો............... | જયંતીલાલ પાસડ....................... | ૩૬ |
| વાત છે મારી-તારી-આપણી - મધર્સ ડે ની ઉજવણી | હેમા વીરા ................................ | ૩૭ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૪૦ |
| ક.વી.ઓ. સેવા સમાજ | | |
| ચુંટણીનો અહેવાલ | ................................................ | ૪૩ |
| અપડેટ તા. ૧ એપ્રિલ, ૨૦૨૧ થી ૩૧ માર્ચ, ૨૦૨૨ | ................................................ | ૪૭ |
| કચ્છી શબ્દ મેળો. | ................................................ | ૫૩ |
| સાંત્વન...................................................... | ................................................ | ૫૬ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
## ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન : ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google | Google play

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# નવોન્મેષ

ઉન્મેષ એટલે ખીલવું. ઊઘડવું, પ્રકટીકરણ કે સ્ફુરણ. નવોન્મેષને આપણે નવી ઊર્જા સાથે ખીલવું કે ઊઘડવું એ અર્થમાં સમજી શકીએ સૂર્ય નિત્ય પૂર્વ દિશામાં ઉદય થાય છે. સૂર્ય તો એક જ છે, છતાં એનું નિત્ય ખીલવું કે ઊઘડવું એ નવી ઊર્જા અને તાજગી સાથેનું પ્રકટીકરણ છે.

ભગવાન સૂર્યનું પૃથ્વી સમસ્ત પર આધિપત્ય છે અને આ અધિપતિ અનંત કાળથી સમગ્ર સૃષ્ટિને ઊર્જાથી અભિષિક્ત કરે છે. નિત્ય ભળભાંખળું થતાં જ પૂર્વ દિશામાં એની રક્તવર્ણી આભા સાથે એ પ્રકટે છે અને આ નિત્યોન્મેષ તમામ સૃષ્ટિને ઊર્જાવાન કરે છે. આ નિત્યોન્મેષનો ક્રમ અનાદિ કાળથી ચાલે છે અને ચાલ્યા જ કરશે.

આપણી વિશાળ સૃષ્ટિનું સંચલન આ નિત્યોન્મેષની પ્રક્રિયાથી થતું રહે છે અને આ સમસ્ત વિશ્વને આવૃત કરતી વ્યવસ્થાની અલ્પાંશ આકૃતિ એટલે દેશ, પ્રદેશ, પ્રાંત, વિભાગ, સંસ્થા, સંસ્થા અંતર્ગત પ્રભાગોની વ્યવસ્થા અને સંચાલન.

આપણે આપણી સામાજિક સંસ્થાઓની વાત કરીએ. સમયાંતરે આ સંસ્થાઓનું વ્યવસ્થા તંત્ર નવોન્મેષની પ્રક્રિયાની પ્રતિકૃતિ ધારણ કરી ફરી પાછું ગોઠવાય છે. એનો અધિપતિ ઉર્જાવાન હોય તો એ સંસ્થાને પ્રાણવાન રાખી શકે છે.

છેલ્લા થોડા મહિનાઓથી આપણી કેટલીક સામાજિક સંસ્થાઓનું વ્યવસ્થા તંત્ર ચૂંટણીની લોકશાહી પ્રણાલી પ્રમાણે નવનિર્મિત થઈ રહ્યું છે. આ નવનિર્મિતી એ નવોન્મેષની જ પ્રતિકૃતિ છે. આપણે જોયું છે કે આ અગાઉની અત્રે પૂર્ણ થયેલ સમયખંડ માટેની ચૂંટણીઓ દરમિયાન ઘણી ગેરરીતિઓ અને અણછાજતી વ્યૂહરચનાઓ બહાર આવેલી. સમાજના અને સંસ્થાઓના સદ્‌ભાગ્યે, કોઈક અપવાદો સિવાય હમણાં યોજાયેલી ચૂંટણીઓ સુવ્યવસ્થા અને સંબંધિતોના

વિવેકપૂર્ણ વ્યવ્હાર સાથે પૂર્ણ થયેલ છે અને એથી જ એવી આશા અને અપેક્ષા રહે છે કે નવોન્મેષ પામેલી આપણી સંસ્થાઓના અધિપતિઓ એમના કાર્યવાહકો સંગાથે નવી તાજગી અને ઊર્જા સાથે સમાજની સંસ્થાઓનું એમના કાર્યક્ષેત્રમાં ઉદ્દેશપૂર્ણ સંચાલન કરશે.

આપણી સંસ્થા 'સેવા સમાજ'ની ચૂંટણી પણ માર્ચ માસ દરમિયાન પૂર્ણ થઈ અને અધિપતિ તરીકે ડૉ. ચંદ્રકાન્ત લાલને સુકાન સંભાળ્યું. એમના કાર્યવાહકોમાં અનુભવીઓની સાથે નવું યુવા લોહી પણ ઉમેરાતાં આ સંસ્થા એના વૈચારિક જાગૃતિના મૂળ ઉદ્દેશની સાથે નવા વિચારો લઈ સમાજના પથદર્શકની ભૂમિકા નિભાવશે એવો વિશ્વાસ વ્યક્ત કરવો ઔચિત્યપૂર્ણ જણાય છે.

'સેવા સમાજ'ના મુખપત્ર 'પગદંડી'ના તંત્રીગણમાં થયેલા ફેરફારો વાચકો સમક્ષ મૂકતાં અમે અવઢવની મિશ્ર લાગણી અનુભવી રહ્યા છીએ. છેલ્લાં સ્તાર ઉપરાંત વર્ષોથી અમે તંત્રીઓ આ જવાબદારી નિભાવી રહ્યા છીએ અને એ દરમિયાન વાચકોએ અમારી ત્રુટિઓ અને ખાસ તો કોરોનાના સમયગાળા દરમિયાન અમને નિભાવ્યા છે. અત્યાર સુધીના તંત્રીઓમાંથી શ્રી શાંતિભાઈ રાંભિયા નિવૃત્ત થાય છે. શ્રી શાંતિભાઈ રાંભિયાએ 'સેવા સમાજ'ના પ્રમુખ તરીકે અગત્યનું યોગદાન આપેલ છે. સમાજની ઘણી સંસ્થાઓમાં એમણે એમની દૂરંદેશી, સુઝ, તેમ જ સમાધાનકારી અભિગમ દ્વારા સમાજ સેવાને એક નવું પરિમાણ આપ્યું છે. 'પગદંડી' છેલ્લાં કેટલાંય વર્ષોથી ઉત્તરોતર નવી ઊંચાઈ પ્રાપ્ત કરી રહેલ છે એવા પ્રતિભાવો વાચકો તરફથી અમને સતત મળી રહેલ છે. પગદંડીએ સંપાદિત કરેલ આ વિશ્વાસ અને પ્રેમમાં શ્રી શાંતિભાઈનો મહત્વનો ફાળો રહેલો છે. એમની દોરવણી અને માર્ગદર્શન અમને મળતાં જ રહેશે.

સી.એ. શ્રી સંજય છેડા નવા તંત્રી તરીકે અમારી સાથે જોડાયા છે. એમની કલમથી 'પગદંડી'ના વાચકો પરિચિત જ છે. શ્રી સંજય છેડા કોમ્પ્યુટર અંગેનું ઊંડું તંત્રજ્ઞાન ધરાવે છે. એક સી.એ. હોવા સાથે વિશાળ વાંચન, સાહિત્યપ્રીતિ અને 'પગદંડી'ને વધુ ઊંચાઈએ લઈ જવાની આંતરિક ભાવના આ યુવા તંત્રીમાં છલકાઈ રહી છે.

અનુભવ અને નવી ઊર્જા સાથેનો 'સેવા સમાજ' અને 'પગદંડી'નો નવોન્મેષ સમાજને સમર્પિત છે.

# પ્રમુખશ્રીની કલમે

✻ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✻

સૌ પ્રથમ પગદંડીના સર્વે સુજ્ઞ વાચકોને મારા નમસ્કાર. શ્રી ક.વી.ઓ. સેવા સમાજ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીના કાર્યકાળ માટેની કારોબારી સમિતિ માટેની ચૂંટણી તાજેતરમાં ખૂબ જ સુમેળભર્યા વાતાવરણમાં પૂર્ણ થયેલ. ચૂંટણીમાં ઊભા રહેલ ઉમેદવારો અને ક.વી.ઓ. સેવા સમાજના મતદારોએ ખુબ જ મૈત્રીપુર્ણ વર્તાવ બતાવેલ તે બદલ સર્વેનો ખૂબખૂબ આભાર.

નવી કારોબારીમાંથી અધિકારીપદની નિમણૂંક પણ ખૂબ જ સમજદારીપૂર્વક સેવા સમાજના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં પૂર્ણ થયેલ.

છેલ્લાં ૨ વર્ષમાં કોરોનાની મહામારીમાં સેવા સમાજના સર્વે પદાધિકારીઓ અને કાર્યાલયમાં કામ કરનાર બધાએ ખૂબ જ મહેનત અને ધૈર્યપૂર્ણ કામ કરી સેવા સમાજની પ્રવૃત્તિઓ ચાલુ રાખેલ એ બદલ સર્વેને અભિનંદન.

હવે આપણે સૌએ સાથે મળીને ક.વી.ઓ. સેવા સમાજની પ્રવૃત્તિઓને આગળના લક્ષ સુધી લઈ જવાની છે અને સમાજના સામાન્યથી સામાન્ય માણસને નજરમાં રાખી આપણી સેવાની પ્રવૃત્તિઓને નવો આયામ આપવાનો છે.

શ્રી ક.વી.ઓ સેવા સમાજ તરફથી આરોગ્ય સંપદાના નેજા હેઠળ સ્ત્રીઓમાં થતા ગર્ભાશયના મુખના કૅન્સર માટેની ખૂબ જ આધુનિક પદ્ધતિથી તપાસ માટેની ઝુંબેશ શરૂ કરેલ છે અને ઝુંબેશ માટેનો આર્થિક સહયોગ સેવા સમાજના ખૂબ જ સંનિષ્ઠ ભૂતપૂર્વ અધિકારી તરફથી મળેલ છે. તે બદલ એમનો પણ આભાર.

આપણા સમાજની બધી જ સામાજિક સંસ્થાને મારી નમ્ર અપીલ છે કે આપ પણ તમારા એરિયામાં આવા કૅમ્પા `યોજો. સંપૂર્ણ આયોજન માટે ક.વી.ઓ. સેવા સમાજ તૈયાર છે.

સમાજના સામાન્ય માણસની સુખાકારી માટે આપણી જ્ઞાતિની સર્વે સામાજિક સંસ્થાઓને મારી નમ્ર અપીલ કે આપણે સાથે મળીને આ કાર્યો કરીશું તો ખૂબ જ સરળતાથી આપણે સમાજને એક આદર્શ સમાજ બનાવી શકીશું.

વધુ આવતા અંકે.

મો. ૯૩૨૨૯ ૫૫૮૮૦

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### ચૂંટણીના ચક્કર

શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજની ચૂંટણી રવિવાર, તા. ૨૭/૩/૨૨ ના યોજાયેલ. દર બે વરસે યોજનાર ચૂંટણીઓ કોરોના મહામારીના કારણે રદ થયા બાદ ચાર વરસ પછી યોજાઇ હતી. ભૂતકાળમાં ઘણી વખત ચૂંટણીની પ્રક્રિયા બિનહરીફ રહી છે. છેલ્લી ત્રણ મુદતથી ચૂંટણી અનિવાર્ય થઈ રહી છે.

શ્રી મુલુંડ ક. વી. ઓ. સમાજ સમસ્ત સમાજમાં આગવી પ્રતિભા ધરાવતી સંસ્થા છે. ભવ્ય ભૂતકાળ ધરાવતી આ સંસ્થા પોતાની ભવ્યતાને હજુ સુધી કાયમ રાખી શકી છે એનું શ્રેય સમયેસમયે મળતા રહેલા દક્ષ સૂત્રધારો તથા જ્ઞાતિજનોની સદ્‌ભાવના અને નિર્ણય-શક્તિને ચોક્કસ આપી શકાય.

સંસ્થા હંમેશાં સદ્‌ભાગી રહી છે કે એકાદ અપવાદને બાદ કરતાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરનાર દરેક વ્યક્તિ નિવૃત્તિ લેતી હોય છે, પરંતુ તેના પહેલા તેઓ નીચલા સ્તરથી શરૂઆત કરી જેમ કે સમિતિઓમાં કે વિભાગોમાં કાર્ય કર્યા પછી કાર્યવાહક સમિતિમાં કાર્યરત થઈ સમયાંતરે નીચેના પદથી શરૂઆત કરી ઉચ્ચ પદ પ્રાપ્ત કરે ત્યાં સુધી વીસથી પચીસ વરસનો સમય સહેજે લાગતો હોય છે. દરેક વખતે સક્ષમ નેતૃત્વ મળે એવું પણ નથી હોતું.

સમાજની ચૂંટણીમાં જે રીતે પ્રચાર થઈ રહ્યો હતો તે સારા ભવિષ્યની નિશાની નથી. જ્યારે પોતાની પાસે મુદ્દાઓ ન હોય ત્યારે લોકોને ભ્રમિત કરવા દુષ્પ્રચાર પ્રચારનું એક માધ્યમ બની જતું હોય છે.

જ્યારેજ્યારે ચૂંટણીનો સમય આવે છે ત્યારે કેટલાક વિઘ્નસંતોષીઓ પોતાની વિઘાતક ભૂમિકા ભજવતા હોય છે જેનાથી સંસ્થાને નુકસાન થાય છે.

સંસ્થાકીય ચૂંટણીઓમાં કદાચ પહેલી વખત એક પૅનલ દ્વારા ડિનર ડિપ્લોમસીનું આયોજન કરવામાં આવેલ. હંમેશાં પૅનલનો વિરોધ કરનાર વ્યક્તિ પૅનલના સમર્થનમાં આવેલ. ખૂબ જ મર્યાદિત સંખ્યામાં હાજર રહેલ આમંત્રિતો વચ્ચે આપવામાં આવેલ ભાષણોમાં કેટલાક બેબુનિયાદ આક્ષેપ કરવામાં આવેલ જે અસ્વીકાર્ય હતા. તે ઉપરાંત કેટલાક મહાનુભાવોના નામ સાથે જાહેર માધ્યમોમાં જાહેરાતો દ્વારા સંસ્થાને અપૂર્ય નુકસાન કરેલ. કેટલા મહાનુભાવો આ સાથે સહમત હતાં તે પણ એક પ્રશ્નાર્થ છે.

આશ્ચર્ય તો ત્યારે થયું કે ચૂંટણીના આગલા દિવસે જ વરિષ્ઠ મુરબ્બી કે જેમને હું માનની નજરે જોઉં છું એમનો વીડિયો ઉતવડાવીને પાંચ વર્ષ જૂના મુદ્દાને કે જેની ચોખવટ વર્ષ ૨૦૧૭માં જ થઈ ગઈ હતી એને જાહેરમાં ઉછાળી વ્યક્તિગત

આક્ષેપ કરાવીને માનહાનિ કરવાનો નિમ્ન પ્રયાસ કરાવવામાં આવેલ તે બાબતે હું માત્ર એટલું જ કહીશ કે, વર્ષ ૨૦૧૬ની ચૂંટણીમાં ત્રીજા નંબરે આવી ચૂંટાયો હતો અને વર્ષ ૨૦૧૮ની ચૂંટણીમાં પહેલા નંબરે આવી વિજેતા બન્યો હતો. પી. વી. શાહ (નરેડી) કે જેમની પત્રિકામાં આવતી જાહેરાત ખૂબ જ માનથી વંચાય છે એમણે ત્રણત્રણ વખત મને અને મારા કામને બિરદાવેલ છે એના પછી અન્ય કોઈના સર્ટિફીકેટની જરૂર ખરી!!!

સંસ્થાએ જેમના થકી ગતિ પકડેલ એવા સંસ્થાના સ્થાપકોમાંના એક અને સ્થાપક પ્રમુખ (૧૯૭૯ થી ૧૯૮૮) જેમના નામનો ઉલ્લેખ ભાગ્યે જ થાય છે એવા મોરારજી નાનજી ગાલા નાના આસંબિયાને ચોક્કસ યાદ કરીશ. એમના સબળ નેતૃત્વને કારણે સંસ્થાએ ગતિ પકડી ધીમી પરંતુ મક્કમ ગતિએ પ્રગતિ તરફ પ્રયાણ કરતી રહી. તેમણે ન માત્ર સબળ નેતૃત્વ પૂરું પાડ્યું, પરંતુ પ્રવૃત્તિઓ માટે દાનની ગંગા પણ વહેવડાવતા રહ્યા.

સમસ્ત ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સલાહકારોએ સુંદર આયોજન કરેલ જેના થકી કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટી જે સરાહનીય હતું.

ચૂંટણી અધિકારીઓએ કોઈના પણ દબાણમાં આવ્યા વગર નિષ્પક્ષ અને નીડર નિર્ણયો લઈ શરૂઆતથી લઇ ચૂંટણી પૂર્ણ થઈ ત્યાં સુધી ખૂબ જ સુંદર રીતે સંચાલન કર્યું તે બદલ તેમને ખૂબખૂબ અભિનંદન. બહુ જ ઓછી ચૂંટણીઓમાં ચૂંટણી અધિકારીઓની આવી બાહોશ ભૂમિકા મેં જોઈ છે.

જ્ઞાતિજનોએ કોઈ પણ જાતના અપપ્રચારમાં ફસાયા વગર પોતાની કાબેલિયત, વિવેકબુદ્ધિ અને ચતુરાઈથી કાર્યશીલ ઉમેદવારોની તરફેણમાં મતદાન કરી ફરી એક વખત્ત પોતાની પીઢતાનો પરિચય કરાવ્યો છે.

**સૂર્યકાંત કક્કા**
બેરાજા - મુલુંડ
મો. ૯૩૨૦૧ ૦૪૩૬૫

✤✤✤✤✤

## કચ્છી સમાજના દિલેર દાતાઓ

આપણા સમાજનો શિરસ્તો છે કે સમાજનાં ભાઈ-ભાંડરૂ-બહેન-માતા કોઈ પણ અડચણ કે મુશ્કેલીમાં આવી પડે તો તેની મદદ માટે કાયમ તૈયાર રહેવું. શ્રી નાલાસોપારા ક.વી.ઓ મિત્ર મંડળ દ્વારા વડાલાના સાધર્મિક પરિવારને રહેઠાણ માટે પ્રમુખશ્રીએ ટહેલ નાખી અને એને હર્ષોલ્લાસથી દિલેર દાતાઓએ વધાવી લીધેલ તે બદલ જેટલા અભિનંદન આપીએ એટલાં ઓછાં પડે.

આ અગાઉ બાડાના સાધર્મિક ભાઈ માટે બાડાના તેમ જ અન્ય દિલેર દાતાઓએ એ ભાઈને /પરિવારને હેમખેમ બહાર કાઢી અને આશ્વાસનથી રહેઠાણની વ્યવસ્થા કરી તે બદલ ધન્યવાદ.

ચાર/પાંચ દાયકાથી વધુ આપણે જોતા આવ્યા છીએ કે આપણો સમાજ કચ્છ કે મુંબઈમાં રહેતા ભાઈ/ભાંડરૂ માટે તેને મદદ માટે તૈયાર રહે છે તેમ જ ધરતીકંપ, રેલ દુર્ઘટના, દુષ્કાળ, અતિવૃષ્ટિ કે અન્ય તકલીફો માટે ભેગા મળી સંઘો, સંસ્થાઓ, મહિલામંડળો, ટ્રસ્ટો દ્વારા સહાય માટે ઊમટી પડે છે.

આવાસ, વડીલવંદના, પાંજરાપોળ, ગૌશાળા, હૉસ્પિટલ, જાહેર સંસ્થાઓમાં આપણા સખી દિલેર દાતાઓના દાનની ગંગા વહેતી રહે છે.

કુળદેવી કે ધાર્મિક પ્રસંગોમાં આપણે આટલી સંપત્તિ વાપરીએ છીએ તે સાથે આપણાં ભાઈ-ભાંડરૂ-વડીલો કે બહેન-માતાઓ જ્યારે મુશ્કેલીમાં આવી પડે ત્યારે ગામવાસીઓ કે અન્યો તેની પડખે ઊભા રહે છે તે ખરેખર 'જીવદયા' કે સાધર્મિક ભક્તિનો સ્ત્રોત છે. આવી પડેલ સંકટમાં કોઈને ઉગારી લેવા ગામ, મહાજન, સંઘો, ટ્રસ્ટોને દાતાઓને તૈયાર રહેવું જરૂરી છે જેથી તે વ્યક્તિને દિલાસો મળે છે.

**- હીરાલાલ વેલજી ગાલા**
ગામ - ઉનડોઠ, તિલક નગર, ચેમ્બુર
મો. : ૯૮૬૯૬ ૭૭૭૮૯

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### સર્જનાત્મકતાથી છલકાતું વ્યક્તિત્વ

'પગદંડી'ના માર્ચ ૨૦૨૨ના અંકમાં શ્રી હરેશ ધોળકિયા લિખિત લેખ ''સર્જનાત્મકથી છલકાતું વ્યક્તિત્વ''નું વાંચન કર્યું, ત્યારે એક જ ગામના એક ફળિયાની વ્યક્તિવિશેષ શ્રી લાલ રાંભિયાની વિશેષતાની ઓળખ થઈ. લાલ રાંભિયાના મોટા ભાઈ જયંતીભાઈ પણ સંગીત પ્રત્યે પ્રેમ ધરાવતા હતા.

અમે બન્ને સહઅધ્યાયી એટલે એકબીજાને ઓળખીયે. સંગીત પ્રત્યે રસ ધરાવતી વ્યક્તિ વિશે જ્યારે જાણ થાય ત્યારે ખૂબ આનંદ થાય. મારા ખ્યાલ મુજબ એમના મોસાળ તરફથી સંગીતની એમનો ભેટ મળેલ છે. લાલ રાંભિયાનો બુલંદ અવાજ અને આલાપ ખરેખર ખૂબ ગમે. એક કહેવત છે કે, ''હીરા મુખસે ન બોલે અપના મોલ''. કચ્છી સમાજમાં શ્રી લીલાધર માણેક ગડા સાથે એમનું સામાજિક ક્ષેત્રે પણ નામ છે.

શ્રી લાલ રાંભિયાના ત્રણેક પ્રોગ્રામ્સ સાંભળેલા. પોતે વ્યક્તિગત સંતોષ ન મેળવતા ઈતર જ્ઞાતિના કલાકારોનો પરિચય પણ એમણે કરાવેલો. એમના દ્વારા લખાયેલ પુસ્તક છે ''કલાયાત્રાનાં સંભારણાં''. એમની પ્રતિભા કચ્છીઓ જાણે એ જ અભ્યર્થના. શ્રી લાલ રાંભિયા તેમ જ હરેશ ધોળકિયાને ખૂબખૂબ અભિનંદન.

**લિ. નવીન રાંભિયા**
વાંદરા (વે), નાના ભાડિયા
મો. ૯૮૬૯૩૮૩૫૦૩

લીલાધર માણેક ગડા-અધા

# ''બંદૂકને નાળચે ફૂલ''

બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયાંને ૭૭ વર્ષ થયાં છે. આ ૭૭ વર્ષમાં નાની-મોટી ૭૭ થી વધારે લડાઈઓ થઈ હશે. આશરે ૩૫ થી ૪૫ દેશોમાં નાનાંમોટાં ગૃહયુદ્ધો લડાયાં હશે. બીજા વિશ્વયુદ્ધની જાનહાનિનો આંકડો બે કરોડથી વધારે માનવનો હશે અને ત્યાર પછીનાં ૭૭ વર્ષોમાં જાનહાનિનો આંકડો વગર વિશ્વયુદ્ધ એટલે લગી પહોંચી ગયો હશે. વિયેતનામ, સિરિયા, ઈરાક, ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાન વગેરે સ્થળોએ લડાઈઓ કે યુદ્ધો પાંચ વર્ષ કે તેનાથી વધારે સમય સુધી ચાલુ રહ્યાં છે, જ્યારે બાંગ્લાદેશ, રૂવાન્ડા જેવા દેશોમાં યુદ્ધો ટૂંકા સમય માટે લડાયાં છે, જ્યારે મૃતકોનો આંકડો લાંબા સમય સુધી લડાયેલાં યુદ્ધો કરતાં વધારે હશે.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું અને બે વર્ષ પછી ૧૯૪૭માં પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધ જેવું થયું. ત્યાર પછી ૧૯૬૨માં ચીન સાથે અને ૧૯૬૫, ૧૯૭૧, ૧૯૯૫માં પાકિસ્તાન સાથે ત્રણ યુદ્ધો મળી ભારતને ૭૭ વર્ષમાં પાંચ યુદ્ધો લડવા પડ્યાં.

૧૯૫૦ થી ૨૦૦૦ એ પચાસ વર્ષોમાં ત્રણ વખત આપણી દુનિયા વિશ્વયુદ્ધનાં કગાર સુધી પહોંચી ગઈ હતી. દક્ષિણ અને ઉત્તર કોરિયા, દક્ષિણ અને ઉત્તર વિયેતનામ, અને ઈરાકનાં યુદ્ધો વિશ્વયુદ્ધમાં પરિણમે એવી શક્યતાઓ હતી અને આજે રશિયાનું યુક્રેન પરનું આક્રમણ વિશ્વયુદ્ધ કે પરમાણુ યુદ્ધમાં તબદિલ થાય એવા સંજોગો ઊભા થયા છે. આક્રમણખોર દેશ અને આક્રમણનો ભોગ બનનાર દેશ બન્નેને વ્યાપક નુકસાન થાય છે. માલહાનિ અને જાનહાનિનો અંદાજ લગાડવો મુશ્કેલ બને છે. દરેક યુદ્ધ કે લડાઈનાં અંતે મોટાભાગે પહેલું આક્રમણ કરનાર દેશ અંતે પરાજય પામે છે. પછી તે ગમે તેટલો શક્તિશાળી, સાધનસંપન્ન હોય. ભારત પર ચાર વખત પાકિસ્તાને આક્રમણ કર્યું અને ચારે વખત હાર્યું. ખૂબ જ શક્તિશાળી દેશોનું સંગઠન (જર્મની, જાપાન, ઈરાન) પાંચ વર્ષના યુદ્ધ પછી (બીજું વિશ્વયુદ્ધ) હાર્યું. એવું જ પ્રથમ વિશ્વયુદ્ધમાં થયું હતું. આક્રમણ કરનાર અમેરિકા વિયેતનામનું યુધ્ધ બહુ ભુંડી રીતે હાર્યું છે. ઈજિપ્ત અને સિરિયાએ ઈઝરાયેલ

પર આક્રમણ કર્યું. બહોળા આરબ દેશોનો ટેકો હોવા છતાં બન્ને દેશોનો પરાજય થયો. માણસ ઈતિહાસને જલદી ભૂલી જાય છે. પ્રદેશોની ભૂખ, ધર્મકારણ, રાજકરણ, અર્થકારણ શાસકોની યાદશક્તિ બુઠ્ઠી કરી નાખે છે. પરિણામે દરરોજ નવાં નવાં આક્રમણો થાય છે , ઈતિહાસ કે ભૂગોળ બદલવાની કોશીશ થાય છે. માત્ર ભૂગોળ બદલે છે, ઈતિહાસ અકબંધ રહે છે.

બે દેશો કે પ્રદેશો કરતાં વધારે ખતરનાક ગૃહયુદ્ધો છે. એક જ દેશની પ્રજા સત્તાની સાઠમારીનો ભોગ બને છે, ભાઈ ભાઈની સામે બંદૂક લઈ ઊભો રહે છે. આફ્રિકાના પોણા ભાગના દેશોએ આ અનુભવ્યું છે. ભારતના પાડોશી દેશો શ્રીલંકા, બર્મા (મ્યાનમાર), અખંડ પાકિસ્તાન (૧૯૭૦-૭૧ દરમ્યાનનું), માઓ ત્સે તુંગ વખતનું ચીન, અફઘાનિસ્તાન દરેકે ગૃહયુદ્ધો અનુભવ્યાં છે. આપણે એ રીતે બહુ જ નસીબદાર છીએ કે ગૃહયુદ્ધનો છાંયો પણ નથી પડ્યો. જ્યાંજ્યાં લોકશાહીના પાયાઓ મજબૂત છે ત્યાં ગૃહયુદ્ધોની સંભાવના નહીંવત્ છે. મજબૂત લોકશાહી સદ્ધર અર્થતંત્ર લાવે છે અને આર્થિક સદ્ધરતા વિવિધ પ્રકારની તૃષ્ણાઓ રાજ્યકર્તાઓમાં જન્માવે છે. પ્રાદેશિક ભૂખ, બજારો સર કરવાની ભૂખ અને જગત જમાદાર બનવાની ભૂખ અને આ તૃષ્ણાઓ સંતોષવા યુદ્ધની ભૂખ જન્મે છે. લોકશાહી હોય કે સરમુખત્યારી એકહથ્થુતાના કીચડમાં લડાઈના જંતુઓ જન્મે છે.

આજે નાના યુક્રેન દેશ પર રશિયાએ આક્રમણ કર્યું છે. યુદ્ધનો આજે ચાલીસમો દિવસ છે. આ યુદ્ધ કેટલું લંબાશે અને એ શેમાં પરિમણશે એની કોઈ ખાત્રી આપતું નથી. યુક્રેન એક વખત રશિયાનો એક ભાગ હતો. યુક્રેન અને રશિયાના બહાદુર વતનીઓ, લડવૈયાઓએ સાથે મળી ખભેખભે મીલાવી હીટલરની ફૌજને હંફાવી હતી. આજે એ જ સૈનિકો એકબીજાની સામે બંદૂકો તાકી લડે છે.

તટસ્થતાને નામે ભારત જેવા ઘણા દેશોએ યુદ્ધને, આક્રમણખોરને વગોવવાને બદલે ચુપકીદી સાધી છે. અહીં બજારના સ્વાર્થી હિતોને પ્રાધાન્ય આપવામાં આપ્યું છે. અને માનવતાને મરવા દેવી છે. કાશ્મીરમાં ભારતને આક્રમણખોર કહેનારા ભારતના ડાબેરી બુદ્ધિજીવીઓ પણ મૌન સેવે છે. યુદ્ધમાં સત્ય, સમજાદારી, સિદ્ધાંતો બધાનો ભોગ લેવાય છે.

તમે બે કૂકડાઓની લડાઈની રમત જોઈ છે. એક જ નસલનાં બે પક્ષીઓ એકબીજાં સાથે ઝનૂનથી લડે છે. ઘવાય છે, લોહીલુહાણ થાય છે, પ્રેક્ષકો લડાઈનો આનંદ માણે છે,

ચિચિયારીઓ પાડે છે, તાળીઓ વગાડે છે. ઘાયલ કૂકડામાંથી એકનું મોત થાય છે અથવા એટલી હદે ઘાયલ થાય છે, કે એ ઊભો થવા અશક્તિમાન બને છે અને ત્યારે ટોળું વિખેરાઈ જાય છે. આ લડાઈને પ્રૉક્સી યુદ્ધ કહે છે. એક જ દેશનાં, એક જ ધર્મનાં, એક જ સમાજનાં બે સમુદાયો, બે મહાસત્તાઓની ચડામણીથી એકબીજા સામે લડે છે. આખો દેશ પાયમાલ થઈ જાય ત્યાં સુધી એ લડાઈ, યુદ્ધ ચાલે છે.

કોરિયા, વિયેતનામ અને અફઘાનિસ્તાન એનાં ત્રણ ઉદાહરણો છે અને યુદ્ધનાં અંતે ત્રણેનું ભવિષ્ય જુદુંજુદું નિર્માણ થયું. કોરિયા- ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા એમ બે દેશોમાં વહેંચાઈ ગયું. અને આજે ઉત્તર કોરિયામાં સરમુખત્યારશાહી અને દક્ષિણ કોરિયામાં લોકશાહી છે. વિયેતનામમાં પણ ઉત્તર અને દક્ષિણ વિયેતનામ વચ્ચે યુદ્ધ લડાયું જે હકીકતમાં રશિયા અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ હતું. ઉત્તર વિયેતનામ વિજયી થયું કારણકે એણે સામસામી લડાઈને બદલે ગેરીલા યુદ્ધથી અમેરિકાને થકવી દીધું. દક્ષિણ વિયેતનામમાંથી અમેરિકાએ નામોશીભરી પીછેહઠ કરી અને બંને વિયેતનામો એક થયા. આજે ઉત્તર દક્ષિણ ભૂંસાઈ ગયું અને અખંડ વિયેતનામ પ્રગતિનાં પંથે છે. સૌથી કફોડી અને ખરાબ હાલત અફઘાનિસ્તાનની છે. અમેરિકાએ પોતાના લશ્કરને હઠાવી લીધું. અફઘાનિસ્તાન આજથી પચાસ વર્ષ પહેલાંનો મીઠો, આબાદ, મુલ્ક આજે કટ્ટરપંથી તાલીબાનોના કબજામાં છે. ધર્મને નામે અધર્મ ત્યાં પાંગરે છે. ગૃહયુદ્ધની વિભિષિકા ત્યાં જોવા મળે છે. એવું જ ઈરાક અને સિરિયાનું છે.

આટઆટલાં યુદ્ધો લડાઈઓ, ગૃહયુદ્ધો વચ્ચે માણસ અને એની માણસાઈ ટકી રહી છે. એવું કયું તત્ત્વ છે જે એને જીવંત રાખે છે. દરેક માણસ જન્મજાત કલાકાર છે. એ ચિત્રકાર છે, સંગીતકાર છે, ગાયક છે, કવિ છે અને એટલે જ એ માણસ છે. અમેરિકાએ ઉત્તર વિયેતનામ પર નેપામ બોમ્બ ઝીંક્યા અને સળગતી હાલતમાં દોડતી એક બાળાનો ફોટોગ્રાફરે ઝીલેલો ફોટો પ્રસિદ્ધ થતાં.... આખા વિશ્વમાં અરેરાટી મચી ગઈ. ખુદ અમેરિકામાં અમેરિકન શાસકોની વગોવણી થઈ. એક ફોટોગ્રાફે વિશ્વની સોચ-સમજ બદલી નાખી. યુક્રેન અને રશિયા વચ્ચેનાં યુદ્ધનો એક વીડિયો જોયો. બેયોનેટની અણીએ રશિયન સૈનિક એક બાળકીને આગળ વધવા કહે છે ત્યારે નાની બાળકી સૈનિકની બંદૂકને અવગણી પાછળ હઠે છે અને જમીન પર પડેલી બેબી ડૉલને ઉપાડી, એના પરની ધૂળને ખંખેરી બાથમાં લઈ આગળ વધે છે અને રશિયન સૈનિકની બંદૂક નીચી નમે છે. એક ક્ષણ માટે સૈનિકને પોતાની દીકરી યાદ આવી હશે, ઘર યાદ આવ્યું હશે, પત્ની યાદ આવી હશે અને મનોમન પ્રશ્ન કર્યો હશે, ''હું કોના માટે લડું

છું''? અહીં ગુજરાતી કવિ માધવ રામાનુજની નાની કવિતા યાદ આવી જેના શબ્દો કંઈક આવા હતા.

*''ઘડીભર માટે આ યુદ્ધ થંભી જાય,*
*હું ટૅન્ક પર માથું ટેકવી સૂઈ જાઉં''.*

અફઘાની કવિઓ, કવયિત્રીઓની કવીતાઓ (લાંદેજ પ્રકારમાં) લખાઈ છે. જે તાલીબાનોને સ્પર્શી શકશે કે કેમ એ મોટો પ્રશ્ન છે.

આપણી કવિતાઓમાં દુહા, પંજાબી ભાષામાં ટપ્પા, જાપાનીઝ ભાષામાં હાઈકુ પ્રકારો છે તેવો જ કવિતામાં ૨૨ અક્ષરો (૯+૧૩)નો પ્રકાર અફઘાની ભાષામાં છે જેને લાંદેજ કહે છે. અફઘાનની તરસી જમીન જેમ પાણી શોષી લે તેમ તાલીબાનની સામાજિકતા અફઘાની સ્ત્રીઓનું સુખ શોષી લે છે. એની કકળતી આંતરડી, પોતીકી પીડા, ભીતરનો આંતર્નાદ શાબ્દિક સ્વરૂપ ધારણ કરે ત્યારે ૨૨ અક્ષરોનું લાંદેજ જન્મ લે છે. બાવીસ અક્ષરોમાં કેટલું કહેવાઈ જાય કે વાચકનું અંતર ભીનું થઈ જાય, હૃદય નિચોવાઈ જાય. કવિતાની ચીસનો ધ્વનિ હૃદયસોંસરવો ઊતરી જાય. થોડી લાંદેજ કવિતાઓ....

૧ ''આ મારું શરીર મારું છે,
પણ એના પર હક બીજાનો રહે છે''

૨ તું દારૂગોળાથી કાળો કે લોહીથી લાલ
મારી પથારી પર ડાઘ પાડવા આવીશ નહીં.

૩ અલ્લાહે મારી સાથે કેમ આવું કર્યું
લોકો ખૂલીને ફરે મારે રહેવું કળીની જેમ બંધ

૪ મા, કેદખાના જેવા ઘરની બારીએ આવ
હું ફાંસીએ ચઢું એ પહેલાં મારી સાથે વાત કર

૫ જો યુદ્ધ થાય તો આપણા બે ભાઈઓ હોય
એક શહીદ થવા માટે બીજો કફન પહેરાવવા

૬ તમે ઉંમર છુપાવવા માથે પાઘડી પહેરો છો
પણ શા માટે? તમે જીવતા જ ક્યારે હતા?

૭ વિધવાઓ પીરની મજાર પર
મીઠાઈ લઈ જાય છે.
હું અલ્લાહને પોપકોર્ન આપી
મારા મોતની દુઆ માગીશ

(ઉપરોક્ત કાવ્ય કડીઓ 'જન્મભૂમિ પ્રવાસી'ની પ્રણવ પંડયાની કૉલમ 'શ્વાસનું રિચાર્જ'માંથી સાભાર)

મારા મિત્ર ગામ ભૂજપુરના રમેશ દેઢિયાએ વીડિઓ મોકલ્યો છે. એક અમેરિકન સૈનિકની કબૂલાત અને પ્રાયશ્ચિત્ત.

સૈનિક કહે છે, હું દેશદાઝથી પ્રેરાઈ લશ્કરમાં નથી જોડાયો. મને પૈસા જોઈતા હતા એટલે જોડાયો. અમને ટ્રેનિંગ દરમ્યાન હિંસાના પાઠો ભણવવામાં આવ્યા. અમને માણસને દુશ્મન તરીકે જોવાની ટેવ પડી. અફઘાનિસ્તાન, ઈરાક, સિરિયા, આફ્રિકા....જે દેશની સાથે અમને કોઈ દુશ્મનાવટ ન હતી, એમના માણસોને મેં માર્યા, કોઈ પણ વિચાર,

સમજ વગર મારો કાર્યકાળ પૂરો થયો છે અને હું નિવૃત્ત થયો છું, પણ હું માણસ નથી રહ્યો, હું લાગણીઓમાં નપુંસક બન્યો છું.

ટી.વી. પર યુક્રેનની બેહાલી દર્શાવતાં દૃશ્યો જોઉં છું, પણ અહીં માણસને શું ભોગવવું પડે છે. નિરાશ્રિતોની છાવણીમાં બાળકો, મહિલાઓ કેવી રીતે રહે છે, એવાં દૃશ્યો દેખાડવામાં આવતાં નથી. માત્ર એરોપ્લેનની ધણધણાટી, બૉમ્બશેલમાં ધડાકા, ખંડેરો, તૂટેલી ભંગાર ટૅન્કો અને ઘણુંબધું. માણસ ભીતરથી વલોવાઈ જાય એવાં દૃશ્યો બતાડો.... પેલી સળગતી દોડતી વિયેતનામની બાળકી, બોટ ટ્રેજેડીને ભોગ બનેલા નિરાશ્રિત બાળકની દરિયાની ઓટ ઊતરતાં રેતીમાં ખૂંપેલી લાશ.... હાથમાં બેબી DOLL ને લેવા રશિયન સૈનિકની બંદૂકને અવગણાતી છોકરી...કદાચ.... લોકોના મનમાં રામ જાગે.


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

**પગદંડી**

અંક : ૦૨ મે ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :ksevasamaj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**


### મને સ્ફૂરેલી એક કવિતા

*દિવસભર ધાંય ધાંય કરતી*
*પોતાના બંદૂકેથી છૂટેલી ગોળીઓએ*
*કોણ ગણતરી કરી કહેશે કે*
*કેટલા દુશ્મનો મેં માર્યા હશે*
*અને હું કયા ચક્રને લાયક બનીશ ?*

*સાંજે બંદૂકને સહારે*
*એના પર માથું ટેકવી*
*હું મને પૂછું કે મેં*
*જેટલા માણસોને માર્યા*
*શું એ બધા મારા દુશ્મનો હતા?*
*અને મસ્તિકમાં સતત એ વિચાર*
*બધા માણસો મારા દુશ્મનો છે*
*કે બધા દુશ્મનો માણસ છે...*

*દુશ્મનને સ્વપ્નમાં માણસ તરીકે જોયો*
*અને સવારે, મારા આશ્ચર્ય વચ્ચે*
*મારા બંદૂકની નાળમાંથી*
*ગોળીને બદલે ફૂલ ખર્યું*

''અધા''

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯

# ભૂલો ભલે બીજું બધું

**ડૉ. ગુલાબ દેઢિયા**

તમે જેટલું જાણતા હો એનાથી વધુ જાણતલ હોવાનો દેખાવ કરી શકો તે તમારા હિતમાં છે. પરીક્ષામાં પૂછ્યું હોય એનાથી વધુ લખીને વિદ્યાર્થી પરીક્ષક પર પ્રભાવ પાડે છે.

પાઠ્યપુસ્તક 'ગાંધીજીની આત્મકથા'ના સીધેસીધા જવાબ લખવાને બદલે જવાબને આરંભે આત્મકથાની વ્યાખ્યા લખવાની ભલામણ અમે વિદ્યાર્થીઓને કરતા હોઈએ છીએ.

પોતે લખેલી પોતાની કથા એટલે આત્મકથા. આટલું લખીએને તોય પરીક્ષક રાજી થઈ જાય. એક વિદ્યાર્થીએ લખ્યું: પોતે લખેલી પોતાની ખતા એટલે આત્મકથા. આ શું ? આ તો પહાડ જેવી ભૂલ. કથાને બદલે ખતા શબ્દથી કેવો અનર્થ થઈ જાય. ખતા એટલે તો ઠોકર, ચૂક, નુકસાન વગેરે.

વિદ્યાર્થીની ભૂલ પર મોટું લાલ ચકરડું કર્યું ત્યારે મન જરાક ઠર્યું. ભૂલોને લાલ રંગથી બતાવવી. પછી પેલી વ્યાખ્યા ફરી વાંચી ત્યારે થયું, અરે ! આ અબુધ વિદ્યાર્થીએ તો આત્મકથાની મૌલિક અને સચોટ વ્યાખ્યા ભૂલ ભૂલમાં જ આપી દીધી છે. આવી અર્થસભર વ્યાખ્યા વિદ્વતાના ડોળ કે ભાન વગર.

માણસ પોતે પોતાની કથા લખે એ તો જાણે ઠીક, સમજ્યા. પરંતુ આત્મકથાનો, શ્રેષ્ઠ આત્મકથાનો પ્રાણ તો છે કથાનાયકની ખતાઓ. એણે ખાધેલી ઠોકરો. નર્મદ, ગાંધીજી, મણિલાલ નભુભાઈ કે અન્ય કોઈની ઉત્તમ આત્મકથાઓ આત્મવૃત્તાંત જ નથી. માત્ર કથા નથી. ભરપૂર ખતાઓ છે. ઠોકર ખાવી, પડવું, પાછા ઊભા થવું, ભૂલો કરવી, સ્વીકારવી, સુધારવી - ગાંધીજીને તો એ ક્રમ રહ્યો છે.

આટલી પીંજણ કરવાનો અર્થ એટલો જ કે ભૂલને ભૂલવા જેવી નથી. ભૂલ નવા અર્થ લાવે છે. ભૂલ એટલે સ્થિર જળમાં સ્પંદન જગાવતી નાજુક કાંકરી. ભૂલ એટલે અનાયાસ ખૂલતી સહજ સૌન્દર્યની બારી. ભૂલો આપણી હિતેચ્છુ છે. એમનાથી અળગા ન રહેવાય, આત્મીયતા કેળવવી રહી. આપણાં સૂત્રો કહે છે: માણસ ભૂલોમાંથી શીખે છે. એનો તર્કબોધ એ થયો કે કંઈક શીખવું હોય તો ભૂલો કરવી. જ્ઞાન પ્રાપ્તિની અભીપ્સા (સાદા શબ્દોમાં ઈચ્છા) હોય તો ભૂલો સહાયક થઈ શકે છે. ભૂલો કરવી એમ બોલવામાં થોડો અહંકાર છે. ભૂલો થવા દેવી. એમાં દૈવીભાવ છે. આપણે ભૂલો કરનાર કોણ? ભૂલો તો

પોતાની મેળે જ થાય છે. આપણને નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે એટલું જ. એટલે ભૂલો અને નમ્રતાનો સંબંધ પણ તપાસવા જેવો ખરો.

માણસ માત્ર ભૂલને પાત્ર. આમ કહેવામાં કેટલી મોટી ગરવાઈ છે! તમે માણસ છો, મનુષ્ય છો, સૃષ્ટિનું શ્રેષ્ઠ સર્જન છો એ સિદ્ધ કઈ રીતે કરશો? ભૂલો કરીને પાત્ર બનવું અઘરું છે. પાત્ર એટલે નાટકની ભૂમિકા, પાત્ર એટલે યોગ્ય અને પાત્ર એટલે વાસણ. નાટકનું પાત્ર બનવા જાતને ઓગાળવી પડે. યોગ્ય બનવા નક્કી માપદંડ સુધી પહોંચવું પડે અને વાસણ બનવા ઘડાવું પડે. એટલે જ ભૂલને પાત્ર એવો માણસ અક્ષયપાત્ર જેવા લાગે છે. અક્ષયપાત્રમાંથી અન્ન નથી ખૂટતું. માણસમાંથી ભૂલો નથી ખૂટતી. અક્ષય ભૂલો એ આપણી નિયતિ અને એ જ આપણો અધિકાર.

'ફૂલ' શબ્દમાં 'ફૂ' હ્રસ્વ (ફુલ) લખનારા છે. ફૂલ આમેય અલ્પાયું છે. પણ ભૂલમાં તો સૌ ભૂની પૂંછડી દીર્ઘ જ તાણે છે. કોણે કહ્યું હ્રસ્વ-દીર્ઘમાં અર્થ અભિપ્રેત નથી? સૌ સમજે છે કે ભૂલમાં ભૂ દીર્ઘ જ થાય, કારણ કે ભૂલો દીર્ઘ હોય છે. ફૂલો અલ્પ હોય છે. ભૂલો બીજા જ કરે છે. બીજાની ભૂલો દર્શાવવી, સુધારવી, એ માટે ઠપકો દેવો, ગાંઠનાં ગોપીચંદન કરવાં, એ બધું મનુષ્યની આંતરિક ઉદારતા દર્શાવે છે, પરોપકારવૃત્તિ દર્શાવે છે.

જે માણસ અજાણ્યા વટેમાર્ગુને વાટ નથી દેખાડતો, પોતાની ઉંમર અને પગાર નથી દેખાડતો, ઘણી ખાનગી વાતો ખાનગી માણસોનેય નથી કહેતો એ જ માણસ દ્રવિત હૃદયે બીજાની ભૂલો ચીંધી બતાવે છે. સામી વ્યક્તિ પૂછે તો જ કહેવી એવી સહદેવવૃત્તિ રાખ્યા વગર સામે ચડીને તેઓ કહી દે છે; બેધડક કહે છે. હોય તેને સવાયું કરીને કહે છે; કોઈ પણ બદલાની અપેક્ષા વગર આ વર્તન કરવું એ જ એની મહાનતા બતાવે છે.

થોડાક મનુષ્યો આત્મલક્ષી હોય છે. તેઓ પોતાની જાત વિશે વિચારે છે. પોતાની જ ભૂલો જુએ છે. પોતે ક્યાં ચૂક્યા એ જોવાનું ચૂકતા નથી. એવા લોકો અલ્પ સંખ્યામાં જ રહ્યા છે અને રહેશે.

ખરા પરગજુ લોકો પરલક્ષી હોય છે. પોતાની જ ભૂલો સુધારવા જેવા સ્વકેન્દ્રી કે સ્વાર્થી તેઓ નથી. તેઓ દીર્ઘદૃષ્ટા છે. પારકાનું હિત પહેલા જુએ છે. એમનું પરહિતચિંતન વંદનને પાત્ર છે. શાસ્ત્રોએ જેને 'છિદ્રાન્વેષણ' કહ્યું એ શબ્દ મને પસંદ નથી. ખરેખર તો આપણા મગજમાં એક એવું રસકેન્દ્ર હશે જે બીજાની ભૂલો પરખી લે છે.

કોઈકે માર્મિક રીતે કહેલું: વિદ્યાર્થી અને શિક્ષક બન્ને લાલ પેન્સિલનો ઉપયોગ કરે છે. વિદ્યાર્થી અગત્યના સારા સુવાક્ય નીચે લીટી દોરે છે. શિક્ષક ક્ષુલ્લક ભૂલો નીચે લાલ લીટી

કરે છે. પરિણામ સ્પષ્ટ છે. જે સારું જુએ છે તે પાસ થઈ ઉપલા વર્ગમાં જાય છે અને ભૂલો શોધનાર એ જ વર્ગમાં રહે છે.

પુલ કિનારાઓને જોડે છે. ભૂલ પ્રજાઓને જોડે છે. તમને જો કોઈની ભૂલ જ ન દાખવવી હોય તો તમે બીજા લોકો સાથે ગાઢ સંબંધ ક્યાં રાખવાના? એની ફિકર ક્યાં કરવાના? બીજા માટે ક્રોધ કરવો, મગજ ગુમાવવું, બ્લડ પ્રેસરને ઉછળકૂદ કરાવવું એ કંઈ નાની અમથી તો વાત નથી! તેથી તો સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છેઃ વૃક્ષો પરોપકારથી ફળ આપે છે, નદીઓ પરોપકારથી વહે છે, પરોપકારાર્થે વાદળ વરસે છે. તે જ રીતે કાળા માથાનો માનવી પરોપકારાર્થે જ, પારકાના ભલા માટે જ એની ભૂલો દર્શાવે છે. આ શ્લોકાર્થમાં તમારી ક્યાંય ભૂલ થતી હોય તો સુધારી લેજો.

મા-બાપને ધરાર ભૂલી જનારા પેલી જાણીતી ઉપદેશ કવિતા મોંઘી ફ્રેમમાં મઢાવીને દીવાનખાનામાં લટકાવે છે. 'ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ.'

એક વધારાની ફ્રેમની જરૂર છેઃ 'ભૂલો ભલે બીજું બધું; ભૂલોને (બીજાની જ તો!) ભૂલશો નહીં.'

ભારતીય પ્રજાને લોકશાહી પ્રિય છે, કારણકે અહીં તમને કોઈની પણ ખામી દેખાડવાનો અબાધિત અધિકાર મળે છે. પીવાનું ચોખ્ખું પાણી ન મળે તે ચાલે, પણ આ અધિકાર ન હોય તો ન ચાલે. ઊણપ તો દેખાડવા માટે જ હોય છે. કોઈ સુધરતું નથી. એ પણ યાદ રાખજો કે જો તમે મહા કોશિશ કરીને ભૂલો નહિ જ કરો તો બીજાઓને તમારામાં શા માટે રસ પડશે?

ભૂલ મહાન કાર્યોની જનેતા છે. કોલંબસે ભૂલભૂલમાં જ અમેરિકા દેશ શોધી કાઢ્યો. વૈજ્ઞાનિકો નમ્રપણે કહે છે, અમે પ્રયોગ-પ્રયોગ રમીએ છીએ. એ ભૂલોમાંથી જ નવી શોધ ક્યારેક પ્રગટી આવે છે. ખોડ છે ત્યાં ખોળ છે.

ઉત્તમ કે સંપૂર્ણ વસ્તુની મર્યાદા હોય છે. એમાં તમે વધુ સારું કંઈ ઉમેરી શકતા નથી. તેમ જ જરાક કંઈ કાઢી લેતાં એ વસ્તુ ખંડિત થઈ જાય છે. મોના લીસાના ચિત્રમાં ઉમેરવાની જગા નથી, પણ જો એના હોઠ કે આંખ કોઈ ભૂંસી દે તો! ચિત્ર ખંડિત થઈ જાય. પણ લીટોડા જ કર્યા હોય તેને આવા બન્ને પ્રકારના ભય નથી. એમાં બીજા ડાઘ ઉમેરી પણ શકાય છે અને થોડા લીટોડા ભૂંસતાં કંઈ ઘટતું પણ નથી. ભૂલોમાં એટલે તો પૂર્ણ ઈદમ્ જેવું છે. ભૂલો વધુ સર્જનાત્મક છે. એમનું કાઠું જ નોખું છે. જે વિષય તમે ન જાણતા હો તેમાં પણ ખામીઓ બતાવી શકો અને ખરી મજા તો એ છે કે ભૂલો શોધનારની ભૂલો શોધી કાઢનારા પણ મળી આવે છે ખરા, એટલે જ ભૂલો એટલે લીલા, ક્રીડા.

તમે કદી તમારી પહેલી આંગળીને ધારીધારીને નીરખી છે ? તો નીરખો. એને તર્જની કહે છે તે જ. એને અંગ્રેજીમાં પોઈન્ટર ફિંગર કહે છે. તે કશું દેખાડે છે. ચીંધે છે. તર્જની સંકેત કરે છે. બીજાની અધૂરપ જ વળી! કદી કોઈ દી કોઈએ તમને તર્જનીથી શરદપૂર્ણિમાનો ચંદ્રોદય દેખાડ્યો ? નીલપદ્મ સરોવર દેખાડ્યું ? એણે તો તમારા નાક પરનું શાહીનું ટપકું દેખાડ્યું. તમારા શ્વેત કેશનું દર્શન કરાવ્યું. તમારા અવ્યવસ્થિત પગરખાં ચીંધ્યાં મેઘધનુષ છોડીને ખમીસ પરનો ડાઘ દેખાડ્યો.

તર્જનીને ધ્યાનપૂર્વક જોતાં મને જ્ઞાન થઈ ગયું છે કે તે અતિપ્રાચીન સમયમાં મધ્યમાથી લાંબી હશે. મધ્યમા એટલે બીજી આંગળી, પછી ત્રીજી તે અનામિકા અને આપણી ચોથી આંગળી તે ટચલી એ બરોબર ઊતરતા ક્રમમાં છે. પહેલીએ પોતાની લંબાઈ ગુમાવી પર માટે ઘસાઈઘસાઈને. બીજાની ભૂલો તરફ સંકેત કરવામાં એણે જાત ઘસી નાખી. મિયાં દુબલે કયું તે આ.

ભૂલો હંમેશાં અનાયાસ હોય છે. આયાસથી જેમ હસી ન શકાય તેમ ભૂલો પણ ન થઈ શકે. તે કુદરતી છે. સહજ છે. અકૃત્રિમ છે. એટલે જ પ્રત્યેક ભૂલને પોતાની કુદરતી સોડમ હોય છે. પ્રત્યેક ભૂલ પોતાની રીતે મૌલિક હોય છે. પત્તાંની દરેક રમતની જેમ. એ જ પાનાં ફરી આવતાં નથી. દરેક બાજી એક વાર રમાય છે.

ભૂલો અમીબા જેવી છે. જુદી પડતી જાય તેમ સ્વતંત્ર રીતે વર્તી શકે. સ્વતંત્ર આકાર ધારણ કરી શકે છે. આપણા મનને ભૂલો માફક આવે છે, કારણકે એમાં સ્વાધીનતા છે, મોકળાશ છે અને નવું કરવાનો અવકાશ છે. ભૂલો એટલે તાજગીભર્યો પરિમલ.

આજના જમાનામાં કંઈ પણ જાતે કરી શકવું ક્યાં પરવડે છે ? બધું જ પરાવલંબી છે. મૌલિક સર્જન કરવું તો અસંભવ જ. હા, આપણે ધારીએ તો અનન્ય, અપૂર્વ, અદ્‌ભુત, અકલ્પ્ય ભૂલો કરી શકીએ છીએ.

જો માણસને ભૂલોમાં સંપૂર્ણ શ્રદ્ધા ન હોત તો તે પેન્સિલ શોધીને અટકી જાત. એણે રબ્બરની શોધ કરી એ જ દર્શાવે છે કે ભૂલો સર્વમાન્ય છે, સર્વ સુલભ છે અને સર્વગ્રાહ્ય છે.

પ્રવાસે ગયા હો અને તમે એક પણ ભૂલ કર્યા વગર પ્રવાસ પૂરો કરી પાછા આવો તો કેવું લાગે ? બહુ અળવું લાગે. કંઈક ઊણપ વર્તાય. ભૂલોને પૂરો અવકાશ છે, પ્રવાસ ગમે તે હોય-સ્થળ વિશેષનો કે જીવનનો.

ભૂલો આપણી સહચરી છે. વેપારીઓ બિલ પર છપાવે છે: ભૂલચૂક લેવી-દેવી. લેવી શબ્દ આગળ મૂકીને કમાલ કરી છે. ભૂલને લેતાં આવડે, લેવી ગમે તો પાછળ દેવી ઊભી જ છે.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

# મારું આયખું ખૂટે જે ઘડીએ

✻ CA સંજય વિસનજી છેડા ✻

દાયકાઓથી સાદડીઓમાં કે પછી ભાવનામાં સાંભળવા મળતું, શાંતિલાલ શાહથી માંડી કિશોર મનરાજા તેમ જ મનહર ઉધાસના અવાજમાં સાંભળેલું આ મધુર અને ગહન સ્તવન.

આ સ્તવનના મૂળ રચયિતા માટે ઘણું ગૂગલ કર્યું, પણ રચનાકારનું ક્યાંય નામ નથી મળ્યું, એટલે પહેલી વાર એ અજ્ઞાત રચનાકારને એમની અણમોલ રચના માટે જશ આપીને આ સ્તવનને માણીએ અને એના ગૂઢાર્થને જાણીએ અને એના ભાવાર્થને જીવનમાં ઉતારી આ જીવનને યથાર્થ બનાવીએ.

*મારું આયખું ખૂટે જે ઘડીએ,*
*ત્યારે મારા હૃદયમાં પધારજો,*
*છે અરજી તમોને બસ એટલી,*
*મારા મૃત્યુને સ્વામી સુધારજો,*

આયુષ્યનાં વર્ષોના મોતી પરોવી બનાવેલી આ જીવનની માળા અને એમાં આતમ નામનો કાચો દોરો. ક્યાં અને ક્યારે, અચાનક આ દોરો કાચો પડે અને આયુષ્યની આ માળા વિખેરાય, ત્યારની એ ઘડી માટેની ઈશને કરેલી આ પ્રાર્થના.

અને પ્રાર્થના પણ કેવી અવનવી. મૃત્યુને પાછું ઠેલવાની કે આયુષ્યની ડોરને વધારવાની કે અમર થઈ જવાની વાતો નહીં. અહીં તો પ્રાર્થના છે એ ઘડીએ, એ ક્ષણે, એ સમયે ઈશને પોતાના હૃદયમાં બોલાવવાની અને દેહપરિવર્તનની એ વેળાને સદાને માટે સુધારી લેવાની. ગમે તેટલા પ્રયત્નો કરી લો, એક દિવસ તો આ આત્માના હંસલાને ઊડી જવા દેવાનો, તો પછી શા માટે કોઈ નાની કે છીછરી માંગણીઓ. એ ઘડીએ જો પરમપિતા જ હૃદયમાં બિરાજે તો કોઈ વેદના જ ન રહે. વેદના હોય તોપણ એ પીડામાં ખોટા વિચારો ન આવે. આખું જીવન પરકલ્યાણમાં વિતાવ્યું હોય, પણ જો છેલ્લી ઘડીએ સ્વમાં જીવન અટકી જાય તો આયખું એળે જાય. બસ એવું ન થાય એ માટે ઇશ પાસે કેવી મજાની, ખુદ પરમાત્માને પણ ગમે એવી સ્વાર્થી માંગણી

*જીવનનો ના કોઈ ભરોસો,*
*દોડાદોડીના આ યુગમાં,*
*અંતરિયાળે જઈને પડું જો,*
*ઓચિંતા મૃત્યુના મુખમાં,*
*ત્યારે સાચા સ્વજન બની આવજો,*
*થોડા શબ્દો ધર્મના સુણાવજો,*
*છે અરજી તમોને બસ એટલી,*
*મારા મૃત્યુને સ્વામી સુધારજો.*

સવારના એલાર્મ સાથે ઊગતો અને મોડી રાત્રે સોશિયલ મીડિયા પર નકામી કમેન્ટ કરતાં, વાંચતાં મોબાઈલના આછા પ્રકાશમાં આથમતો દિવસ. ઘાણીના બળદની જેમ ઘરથી ઑફિસ અને ઑફિસથી ઘરની વચ્ચે પિલાતો રહેતો માણસ. સવારના કઈ ટ્રેનમાં રિટર્ન થઈશું તો સીટ મળશે થી માંડીને બૉસની કૅબિનમાં કેટલા વાગે જવું સૌથી યોગ્ય, એવી દરેક વાતમાં લૉજિકનું મૅજિક લગાવતી જિંદગીમાં ઉમેરાતા દિવસો કે પછી રોજ ઘટતી જિંદગી. કેટલી મુશ્કેલ જિંદગી અને કેટલી સરળતાથી આવી જતો યમનો બોલાવો.

ક્યાંક બાથરૂમમાં લપસ્યા અને સીધા કૉમામાં, તો ક્યાંક ટ્રેન પકડતા હાથ છટક્યો અને સીધા યમરાજના દરબારમાં. ક્યાંક ઑફિસના કામના પ્રેસરમાં તો ક્યાંક ઘરની લોનના હપ્તા બાઉન્સ ન થાય એનો તણાવ અને એવામાં રાત્રે ઊંઘમાં જ આંખ સદાને માટે મિંચાઈ જાય. આખી જિંદગી, એને ચાહ્યા કરો, પણ સામે મોત આવે ત્યારે એક ક્ષણમાં બેવફા થઈ સાથ છોડી દેતી જિંદગી. બસ એવા આ વિષમ, ન સમજી શકાય એવા જીવન વિષે એ પરમપિતાને એટલી જ વિનંતી કે જ્યારે શ્વાસનો ખજાનો ખૂટે ત્યારે સાચા સ્વજન બની આવજો અને ધર્મના બે-ચાર શબ્દો શ્રવણ કરાવજો જેથી આખું આયખું સુધરી જાય.

*દર્દો વધ્યાં છે આ દુનિયામાં,*
*મારે રિબાવી રિબાવીને,*
*એવી બીમારી જો મુજને સતાવે,*
*છેલ્લી પળોમાં રડાવીને,*
*ત્યારે મારી મદદમાં પધારજો,*
*પીડા સહેવાની શક્તિ વધારજો,*
*છે અરજી તમોને બસ એટલી,*
*મારા મૃત્યુને સ્વામી સુધારજો.*

બીમારીઓ પર જેટલી પણ શોધખોળો થઈ, જેટલા પણ નવા આવિષ્કાર થયા, સામે રોગ પણ એટલા જ વધ્યા. જીવન અને મૃત્યુ વચ્ચેની રેસમાં આ કાળા માથાના માનવીની હંમેશાં હાર થઈ છે અને એમાં પણ કોરોના કાળ પછી તો આ જીવન અને મૃત્યુ વિષે જે આપણને સૌને અનુભવ થયા છે, જે આ લખતી વેળા પણ કાળજું કંપાવી દે છે. પોતાના જીવથી વ્હાલા સ્વજનને ઘરના ગૅટ પર જ પીપીઇ કીટ પહેરી આવેલા એમ્બુલન્સવાળાને સોંપી દીધા પછી દિવસોના દિવસો માત્ર ફોન પર વાતચીત. દવા કે અન્ય સારવાર તો ઠીક, પાણી સુધ્ધાં આપણે ન આપી શકીએ એવી સંજોગોની વિષમતા અને એવું કેટલા લોકો સાથે થયું કે એ સ્વજન પાછા ઘરે આવી જ ન શક્યા. છેલ્લી વાર એને ઘરે લાવી એક નાનકડો વિસામો પણ ન આપી શકો અને એટલું ઓછું હોય એમાં એ સ્વજનનો હૉસ્પિટલથી સ્મશાનભૂમિ સુધી કાંધ પણ ન આપી શકવાનો જીવનભર ન ભૂલી શકાય એવો વસવસો.

હવે તો સ્થિતિઓ બદલાઈ અને જીવન ફરી સામાન્ય થયું, પણ ન કરે નારાયણ અને

ક્યારેક આપણે જો આવી સ્થિતિમાં મુકાઈએ જ્યારે આપણા સ્વજન પણ સાથ ન આપી શકે ત્યારે બસ એ પરમપિતાનો હાથ અને સાથ માંગીએ. એ ઇશનો હાથ માથે હશે તો સદ્‌બુદ્ધિ અને સન્મતિ સાથે પ્રાણ પંખેરુને આ હાડમાંસનું પાંજરું છોડવામાં સરળતા રહેશે.

આમ તો કોઈ વ્યક્તિ પોતાના મૃત્યુ વિષે કદી વિચારતું જ નથી (જાણે અમરપટ્ટો લખાવી આવ્યા હોય), પણ જવાનું બધાએ જ છે. તો થોડું એ છેલ્લી ઘડી વિષે પણ વિચારી લઈએ, થોડું એક કાગળ પર ઉતારી લઈએ તો (''સદ્‌ગતની ઈચ્છાનુસાર'' જાન્યુઆરી, ૨૦૧૮ના 'પગદંડી'ના અંકમાં આ વિષે ઘણું લખ્યું છે).

કેવું મરણ ઝંખીએ. ઓછામાં ઓછી સેવા કરાવીએ. જીવનની છેલ્લી ઘડી સુધી બાથરૂમ સુધી જવા કોઈનો સહારો ન લેવો પડે. હૉસ્પિટલમાં એક હાથમાં ગ્લુકોઝ ચડી રહ્યું હોય, બીજા હાથમાં બીપી અને પલ્સ મીટર લાગેલા હોય કે પેશાબ માટે કેથરેટરની થેલી લાગેલી હોય, એવી પરિસ્થિતિ ન આવે. જ્યારે કોઈ અસાધ્ય રોગનો ઓછાયો પડે ત્યારે અણમોલ જૈન ધર્મના સંથારા સહિતના ભાવ આવે અને અસાર સંસારની માયા સહજતાથી છોડી શકીએ. જે પરિવારની સાથે જીવ્યા, એ બધાની હાજરીમાં હસતાં-રમતાં સહજતાથી દેહપરિવર્તન કરી જઈએ. બસ આયખું ખૂટે ત્યારે આવું થાય તો બસ ભયોભયો.

આનંદ ફિલ્મનો એક બહુ સુંદર સંવાદ છે, જ્યાં નાયક એક સાધુ પાસે આશીર્વાદ લેવા જાય છે અને એ સંત કહે છે કે, ''જો મીટ રહા હૈ વો શરીર હૈ'' અને ત્યારે નાયક કહે છે કે તો પછી હું આપની પાસે આવી નાની વસ્તુ શું કામ માંગું જે નાશવંત છે. મારા શરીરને નહીં, મારા મન, મારા આત્માને આશીર્વાદ આપો, કે એ સદા પ્રસન્ન રહે, પ્રફુલ્લિત રહે અને અન્યોના જીવનમાં પણ આ જ ખુશીઓ વેરતો રહું. બસ કંઈક આવી જ છે આ સ્તવનની દરેક કડીની ભાવના.

*જીવવું થોડું ને જંજાળ ઝાઝી,*
*એવી સ્થિતિ આ સંસારની,*
*છૂટવા દે ના મરતી વેળાએ,*
*ચિંતા મને જો પરિવારની,*
*ત્યારે દીપક તમે પ્રગટાવજો,*
*મારા મોહ તિમરને હટાવજો,*
*છે અરજી તમોને બસ એટલી,*
*મારા મૃત્યુને સ્વામી સુધારજો.*

આમ તો ચાર દિવસનું જ કહેવાય, પણ એવું આ આખું આયખું ભલે ગમે એવી પરિસ્થિતિમાં જીવી ગયા હોઈએ. ચાહે રાજા ભોજ જેવું જીવન હોય કે ગંગુ તેલી જેવું, પણ કોઈનો જીવન જીવવાનો મોહ છૂટતો જ નથી. બસ આ જ વાત છે આપણા દરેકેદરેકની.

જો કોઈ એમ કહે કે ત્રીજા વિશ્વયુદ્ધમાં એક અણુબૉમ્બ મુંબઈ પર આવી પડે તો.

તો આપણો સૌનો જવાબ હશે, ''જે સૌનું થશે, એ આપણું થશે''. બધા સાથે મરવાના હોય તો આપણને કોઈને કોઈ વાંધો નથી. વાંધો ત્યાં જ આવે જ્યારે એવી ખબર પડે કે આપણે એકલા જવું પડશે અને બાકી બધા રહી જશે કે બચી જશે કે જીવી જશે.

મોહ કહો કે જિજીવિષા, જ્યાં સુધી આ નાગચૂડ નહીં છૂટે, ન જીવન સુધરશે ન મૃત્યુ.

*''આયુષ્ય ઘટતું જાય,*
*તો પણ પાપબુદ્ધિ નવ ઘટે;*
*આશા જીવનની જાય,*
*તો પણ વિષયાભિલાશા નવ ઘટે''.*

દીવાનું તેલ પૂરું થવા લાગે, ત્યારે દીવાની જ્યોત પણ વધુ તેજ લબકારા મારે. બસ એવું જ છે આ જીવન અને જીવવાની જિજીવિષાનું. મોહ, માયાનું અંધારું એવું ગાઢ, કે એની આરપાર, કંઈક જે દેખાય નહીં. એવો અંધકાર કે સાચું, ખોટું, સારું કે ખરાબ, કંઈક સમજાય નહીં અને એટલે જ એ જગત જનેતાને એટલી જ ફરીફરી પ્રાર્થના કે....

*ત્યારે દિપક તમે પ્રગટાવજો,*
*મારા મોહ તિમિરને હટાવજો,*
*છે અરજી તમોને બસ એટલી,*
*મારા મૃત્યુને સ્વામી સુધારજો.*

- રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# BHAVA CHAKRA TO DHAMMA CHAKRA

(Vipassana's way)

LAX KENIA

Vipassana is a technique to understand Laws of Nature with Direct experience on your own body. Dhamma is nothing but Laws of Nature or svabhavie quality feature of things. Dhamma has immense depth. More you understand, more you mold yourself, accordingly more you come out of misery and thus come out from round and rounds of Bhava Chakra.

About 2600 years ago Prince Siddhartha became Buddha ie A man who self discovered the truth of Nature or he got supreme prize of Omniscience. He enjoyed his becoming Buddha for several days in Bodhgaya jungles and letter shared his discovery with his five friends who had started with him for Self discovery journey as part of Gratitude, which comes naturally for such realized people.

The following 4 sighting made Prince Siddharta decide to leave home in search for self realisation or truth.

1) An old man who was unhappy because of old age limitations... DUKHI
2) A man who was extremely Sick and DUKHI
3) Man who had died and was being carried for burial with crying family and unhappiness DUKHI
4) Ascetic leaving home for search for truth was DUKHI.

He decided to solve the reason for all above and left home to start his journey of discovery. Five friends later joined him in till last phase when prince Siddharth left his ascetic ways and started eating food and new way of meditating. At that point Siddharth worked and rediscovered the laws of nature (Dhamma), the reason for the Dukha and solution to come out of Dukha and path that will lead to come out of Dukha.

KALAM was the guru who knew all the Techniques up to 8thGyan. EighthGyan was highest achievement to be learnt in those days time. SIDDHARTH after mastering 8thGyan asks kalam, Master I have learnt from you 8thGyan, I practice well, but I still have some small Sankhara ( karma) left inside my mind which can give Dukha, which can give me rebirth. Tell me how can I remove them.

Kalam was pleased with the question and honestly said, This is as much as I know. I agree with you, there are some ANUSAYA SANKHARA STILL LEFT IN MY MIND TOO.I DO NOT KNOW HOW to remove them.

AFTER HEARING THAT, Siddharth thanked him for teaching and left him to continue his search.

He then remembered his own experience as a child, when he meditated on his own using BREATH meditation (ANAPANA) he had worked as a child once. HE started working with Breath. With practice and more search, he discovered use of VEDNA to shake up and remove ANUSAYA Sanskara. He removed all anusayasankhara from his mind and experienced Nirvanic state and become BUDDHA.

His techniques uses two things

1) watching natural flow of Breath to concentrate the mind and training mind to remain Equanimous for sustained period of time.
2) Use the trained mind to experience vedna's in the body and watch vedna's Rise and fall ,without reacting and remain equanimous. He continued his practice till he became successful in removing all the hidden sanskaras from his body and mind to experience achieve Nirvana.

(Vedna means any experience of reaction on the body from five senses and mind. The concentrated mind can pick up such vednaon ones body and changes in vedna by the way of rise, decay and fall. Vipassana course guruji has named Vedna to Samvedna word for better understanding)

These two aspects of watching Breath (ANAPANA MEDITATION) to develop concentration and using concentrated mind on the body to experience Vedna (Also known as Samvedana), it's rise and fall, Vedna's continuous change (Impermanance) is being taught in vipassana meditation. Since vedna on the body is changing, watching it with sthitprgna mind, ie With out Rag ( Clinging) or Dwesh (Aversion) helps remove all the past sanskara leading to Nirvana or Maux.

A) Buddha rediscovered four fundamental TRUTHS.

1. Dukha is there
2. Dukha's reason is their
3. Solution to come out of Dukha is there and
4. Path to come out of Dukha is there

He first shared his rediscovered knowledge with his five friends and shared with first group of 60 people and taught them. All came out from their Dukha, all were able to remove anusaya-sanskaras from there mind and became ARIHANT. The technique was called Vippasana meaning special way of looking .

Then Buddha sent these ARIHANTS in all direction to share this knowledge and simultaneously. He started teaching to others. During next 45 years he give 84,000 lectures explaining Dhamma and vipassana in local palilauguage, so common people can understand it and implement in their lives.These 84000 lectures and talks are documented in Three Tipitaka. Recently Guruji has started a project translating and republishing in many languages including ENGLISH and HINDI and are available to read and learn to all.

Buddha's special message was Do not believe because I say so. Do not believe if somebody else (Other Pandit or

Guru) Says so, But learn and get your own DIRECT EXPERIENCE and then BELIEVE.

As such these Gyan is available to learn as a form of. Vippasana technique and being taught in 10 days meditation courses. Buddha never taught RELIGION. He taught law of nature (Dhamma) that are applicable to one and all regardless of caste or creed, poor or Rich, Old or young, male or Female, Black or white etc. vipassana courses are free of charge including living accommodation and food from those days till today.

There are more than 250 centers all around the world.

B) What did Buddha achieved and what did he limited his teaching too?

By becoming Buddha he now knew what ever there is to know in this world ieBhautik and chetsikie Matter and mind. However he limited his teaching in Mental field and how Avidya and karma leads to Dukha. (Because his goal was to remove Dukha-misery from his existence as well as other people's life.)

He taught reason for the Dukha.

The way out of Dukha by eliminating all karma.

And the way to achieve Nirvana (A state free from miseries).

His teaching is because of karma you are here and by living Eightfold path of SIL, Samadhi and Pragya and practicing vipassana you can stop generating new karma and eliminate all past karma leading to Nirvana. All mental and physical phenomena which arise at our five sense doors and mind are Dukha. Beings are ever changing processes, there is no final product that's why they are Dukha. Clinging to five aggregate and minds subjects make on unhappy. Wisdom arose in Buddha not from any teacher but by direct personal experience that's what vipassana offers.

C) what is sil/Samadhi and panna?
The eight fold path is made of three groups

1. Sila..... SammaVachha, Samma kamanta, samma Aajivika.
2. Samadhi.... Sammavayama, Sammasati, Sammasamadhi
3. Panna.... Sammadithi, Samma Sankalpa

SIL is Moral following of five precepts which are

1. Not to harm any being with man,vachan and kaya
2. Not to kill
3. Achori:Not to take/use that does not belong to you
4. No intoxination
5. Brahma Charya.

B) Few things Buddha Realised:
1) Every thing happens in this world has cause and effect relationship.
2) Every particle small or large vibrates continuously and is nothing but wavelets.
3) Every particle small or large arise, decay and falls and rises again.

4) These changes are constant phenomena.
5) There is no final product.
6) Same way DUKHA also changes. Its law of Impermanence
7) Same way SUKHA also changes. Its law of impermanence.
8) Impermanence has to be experienced on your own body to appreciate DIRECT experience ie your own knowledge.
9) Impermenace has to be continuously realised for a longer period of time and at the subtlest level.That requires higher degree of concentration.
10) To understand cause and effect on your body you need higher degree of concentrated mind.
11) To achieve higher degree of concentration you need support and Natural Breath is your best support as it's their always till your last breath.
12) That's where he started utilising breath as a tool to achieve concentration.
13) Watching Breath means watching start of breath in and continuously till it stops coming in.
14) Watching Breath out means watching outgoing breath ie starting of outgoing and continue till it stops outgoing:
15) Watching incoming and outgoing Breath continually.
16) Once you start observing temperature of incoming and outgoing breath you will noticwthw difference. Thats law of nature experienced
17) Breath has habit of touching your body.
18) When breath touches something happens, Some thing in body changes.
19) This change is also called as savendana.
20) Savendana also changes. Arise, stays and decays.
    1. As much as possible your mind should stay on your body watching sanvedna without Rag-Dwesh, realising changing nature law
    2. When you concentrate on breadth,cleansing of mind starts.when u watch your breadth,there is no Rag-No Dwesh as such No karma bandhan. When there is no karma bandhan, there is a karma Nirjara.
    3. Rag sanskars are more responsible for Re birth then Dweshsanakars. Even though Dweshsanskars are painful when Nirjara happens.

C) What did Buddha taught to first five friends?

He told them 'Dhamma chakra ParivattanSutta.Starting with The truth of suffering,The truth of origin of suffering, cessation of suffering he lead in to path leading to cessation of suffering.

While explaining Truth of suffering,he said

1. Jati...New Becoming (Rebirth) is Dukh
2. Jara...Getting old (Old age is Dukh)
3. Byadhi....Disease or ailment is Dukh
4. Marnam......Death is Dukh
5. Appyehi Sampayogo... Association with hateful (Unloved) ones is Dukh

6. Piyegivippayoga....separation from loved one is Dukh
7. Yampicchamnalabhini..not getting what u want is Dukh
8. Samkhittena pancupadana-kkhandhaDukha..Five group of grasping is Dukhaie Grasping at Eyes, Nose, Ear, Twacha and jiva are Dukha

**What is Sankara or karma?**

Sankhara indeed means our actions and reactions in daily life both good and bad. what is generally known as karma comes under this group. its a volition (Chetna) that I called Dhamma. Having willed one acts thru body, speech and mind.

Volition is mental construction, or mental activity. its function is to direct mind in sphere of good, bad or neutral. Thats why it's called karmic formation. when our six sense faculties and their corresponding six sense objects in the external world comes in contact, sense awareness arises. Then respective sensation and perception arise. These are followed by our actions and reactions.

How bhavachakra startsand how it ends Nirodha by Cause and Effect relationship

| BHAVA CHAKRA | DHAMMA CHKRA |
|---|---|
| 1 Avidya is Ignorance | 1 Avidhya Nirodha (Eliminated Experiencing Anitya) |
| 2 Avidya (Ignorance) pachya Sankara (Formation) | 2 Sankharaor Formation Nirodha |
| 3) SankharapachyaVigyan (Conciousness) | 3) Vigyanor conciouness Nirodha |
| 4) Vigyanpachya Nama Rupa (Mentality/Materiality | 4) Nama Rup or Mental and MaterialityNirodha |
| 5) Nama ruppachyaAyatana (Six sense Bases | 5) Ayatanaor six sense basis Nirodha |
| 6) Ayatanapachyafus (Contact-Sparsha | 6) Fus or contact-sparshNirodha |
| 7) Fus Pachyavedna (Feeling) | 7) Fus or VednaNirodha |
| 8) Vednapachyatanha (Craving) Trishna | 8) Tanha or Craving Nirodha |
| 9) TanhapachyaUpasana (Clinging | 9) Upasana or Clinging Nirodha |
| 10) UpasanapachyaBhava (Becoming) | 10 Bhava or Becoming Nirodha |
| 11) Bhavapachyajati -Birth | 11) Bhava or Birth Nirodha |
| 12) Jatipachyajara-Maranana (Aging-Death-Pain,Dukh) | 12) Jara, Marnam, Death Nirodha |

Missing Link: Analysis of what happens when subject comes in at contact door and how Avidhya ends.

1. Vigyan Arises
2. Sanghyarecognises and values
3. Vendnaappears on the body
4. Sanskar-Karma is registered

Sanghyarecognises based on PAST EXPERIENCE and Vedna arises. Since sanghya's input is based on **past experience** it gives wrong value of Like or dislike, Rag or Dwesh. So Mind reacts with RAG OR DWESH. Rag and Dweshsanskar are Ragistered. As such Sanskar of Rag or Dwesh get registered and Life perpetuates. BUDDHA observed and said this is how BhavaChakra continues.

What Buddha discovered that,when and when Vedna arises, sanghya gives valuation and mind reacts. If we can change this valuation to 'ANITYA' which is what the TRUTH OR REALITY Of the moment is. Then Mind will stop reacting because changing is not mind desires, mind wants unchanging things ie NITYA things.

So while meditating when Vedna arises meditator watch its change and experience as a change or ANITYA. These ANITYA Observation, acknowledgement and experience stops mind from making new Sanskar. And when new sanskar are not generated old once starts to raise their head and being ANITYA their Nirjara begins.

Buddha called these as DHAMMA CHAKRA. DHAMMA CHAKRA stops making new Bhava and BhavaChakra weakens with continued practice.

When meditating meditator continue to observe these Vedna's with ANITYA knowledge or as Buddha called Anityabodh ....ANITYA bodh......and with the base of Anityabodh Awareness, Samta or tranquility increases. With every correct observation of Vednaasanskar are reduced and when you continue doing that's eventually no sanskar are left and NIRVANA OR NO SANSKAR experience is assured.

This way Vipassana meditation leads to increased tranquality leading to eventual Nirvana. Its a long path but it's a true Dhamma path, true logical, scientific path which can be experienced by any one regardless of their religious beliefs or Color or creed, male or female. Its universal.

Dhamma is universal it's Laws of Nature. It was, it is and it will be.

Mangal Ho

Mob : 9869036900

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

અમૃતા પ્રીતમ સાહિત્ય-જગતનું સર્વવિદિત નામ, પરંતુ એ કેવળ એક નામ નથી. એ જિન્દગી નામની સરિતા પર અવિરત વહેતી વ્યથાની કથા છે. એ ઈશ્વરને પણ પડકાર નાખતી વિદ્રોહની ચીસ છે.

એમનો જન્મ વિભાજન પૂર્વેના અખંડ ભારતના ગુજરાંવાલા, પંજાબમાં ૩૧ ઑગસ્ટ, ૧૯૧૯ના થયો. હાલ ગુજરાંવાલા પાકિસ્તાનમાં છે. જન્મ સમયે એ હતી અમ્રીત કૌર.

'रसीदी टिकट' - 'રેવન્યૂ સ્ટૅમ્પ' આ પંજાબી કવયિત્રીની આત્મકથા છે. આત્મકથાના આ પુસ્તકનું નામ 'રેવન્યૂ સ્ટૅમ્પ' કેમ છે ? પુસ્તકના આ નામથી સહેજે કુતૂહલ થાય.

અને આ કુતૂહલનું સમાધાન લેખિકાની આત્મકથાની પ્રસ્તાવનામાં મળે છે. લેખિકા પ્રખ્યાત લેખક, ઈલસ્ટ્રેટેડ વીકલીના તંત્રી ખુશવંતસિંઘ સાથે વાત કરતાં હોય છે. એ સંવાદની નોંધ પુસ્તકનું પ્રાસ્તાવિક છે. જોઈએ....

ખુશવંતસિંઘ વાતને આ રીતે ન મૂકે તો જ નવાઈ. એમની પાસેથી વાતના આવા જ મરોડની અપેક્ષા રાખી શકાય. હું એમની સાથે સહજ રીતે વાત કરતી હતી કે બીજું બધું તો લખ્યું – વાર્તા, કવિતા, નવલકથા... પણ હવે થોડુંક મારા વિશે લખું... જસ્ટ ફોર એ ચેન્જ. ખુશવંતસિંઘે કહ્યું કે, તારી જિંદગીમાં હોઈ હોઈનેય શું હોય...? એકાદ-બે પ્રસંગો, એ લખવા માટે તો રેવન્યૂ સ્ટૅમ્પની પાછળની બાજુય પૂરતી થાય.

બરાબર જ કહ્યું હતું - જે કાંઈ બન્યું, મનની ભીતરમાં બન્યું અને એ બધું નઝમો અને નૉવેલ્સને હવાલે થઈ ગયું. પછી બાકી શું રહ્યું !

તોપણ થોડુંક લખું છું – કંઈક એવું, જાણે જિંદગીના હિસાબના કાગળો પર એક નાનકડો રેવન્યૂ સ્ટૅમ્પ ચોંડાડું છું- નઝમો અને નોવેલ્સના હિસાબના કાચા સ્ટૅમ્પને પાકો સ્ટૅમ્પ કરવા માટે.

- અમૃતા પ્રીતમ

લેખિકાના જીવનમાં જે બનતું હતું તે બહારની દુનિયાની નજરે તો અદૃષ્ટ જ હતું. પણ મનની અંદર જે વંટોળ ઊઠતા એ કોઈ સામાન્ય વ્યક્તિને છિન્નભિન્ન કરી નાખે. મનની અંદર જે ખળભળાટ થાય, સુસવાટા કરતા પવન ફૂંકાય, અગનજ્વાળાઓ ઊઠે અને પછી પાછી સમી જાય, એ બધુંજ જીવન સાથે અભિન્નપણે જોડાયલું જ હોય છે અને બધું મનની અંદર ઘૂંટાઈ ઘૂંટાઈને કાગળ પર અવતરે છે. સતત ઘૂંટાતા વિચારો અંદર અને અંદર કોરી ખાય કે વિદ્રોહની આગ બની ભભૂકી ઊઠે અને ક્યારેક સમગ્ર અસ્તિત્વને દઝાડી દે. એ હતા અમૃતા પ્રીતમ. ''**रसीदी टिकट**' પર આ બધું જ આલેખન અંકિત થયેલ છે.

મૂળ હિંદીમાં લખાયેલ આત્મકથાનું પઠન કર્યું અને જયા મહેતાને પુસ્તક ગમી ગયું અને ગુજરાતીમાં અનુવાદ કર્યો. અનુવાદ કરવાનો અનેરો આનંદ મળ્યો. આત્મકથાનાં આ સાહિત્ય પ્રકાર માટે જયા મહેતા કહે છે.....

આત્મકથા કોઈ પણ સર્જકને પડકારે એવું સ્વરૂપ છે. પોતાની વાત કરવાની અને પોતાના અહંને શક્ય તેટલો અળગો રાખીને કરવાની. આત્મકથામાં કાં તો માણસ અતિ નમ્રતામાં સરી પડે અથવા ડંફાસ મારે. આ બંનેની વચ્ચે સમતુલા જાળવવાની અને ભૂતકાળના બાઝેલા થરને ઉખેડીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો, એનો પ્રગટ કરવાનું. જાતની ઓળખ આત્મકથાની ધ્રુવપંક્તિ છે.

જયા મહેતાએ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રે માતબર ખેડાણ કરેલ છે. કાવ્ય, સંપાદન, વિવેચન, અને અનુવાદમાં વિપુલ ખેડાણ કરેલ છે. रसीदी टिकटના આ અનુવાદે ગુજરાતી વાચકોને એક ઉત્તમ કૃત્તિનો પરિચય કરાવ્યો છે. મોબાઈલના માહોલમાં રાચતા આપણા સૌની સંવેદનાને આ પુસ્તક વિદ્યુત સ્પર્શ કરાવશે !

આત્મકથાની શરૂઆતે લેખિકા એના જન્મ પહેલાંના સમયમાં લઈ જાય છે. ૧૯૧૮નો એ સમય. અમૃતાના અસ્તિત્વના એક વર્ષ પહેલાંની એ પળો.

અમૃતાનાં માતા અને પિતા બન્ને શિક્ષક. પંચખંડ ભસાડેની સ્કૂલમાં ભણાવે. શાળાના આચાર્ય તેજસિંહજીની દીકરીઓ એમની વિદ્યાર્થિનીઓ. એક દિવસ બન્ને છોકરીઓએ ગુરુદ્વારામાં કીર્તન કર્યું અને પ્રાર્થનાના અંતે એમના માસ્તરજીને ઘરે એક દીકરી ઈશ્વર પાસે માંગી. એમણે એમના માસ્તરજીને આંગણે એમના જેવી જ એક છોકરી માંગી લીધી અને એક વર્ષમાં રાજબીબી ‘રાજમા’ બને છે. અમૃતા એના જન્મની મીઠું મરકતી એ મધુર પળોનો અહેસાસ કરાવે છે. અને તરત જ સમય પાછલે પગે સરી જાય છે. જન્મના દસ વર્ષ પહેલાંની એ પળો જાગી જાય છે.

રાજબીબી (અમૃતાની માતા) એ વખતે વીસ વર્ષની છે. રાજબીબીએ ગુજરાંવાલામાં સાધુઓના એક ડેરામાં માથું ટેકવ્યું અને ત્યારે એની નજર એક સાધુ ‘નંદ’ પર પડે છે. એની જ ઉંમરના છે સાધુ નંદ અને લેખિકા નંદની પાર્શ્વભૂમિકા આપે છે :

સાધુ નંદ શાહુકારનો દીકરો હતો. જ્યારે છ મહિનાનો હતો ત્યારે મા ‘લક્ષ્મી’ મરી ગઈ હતી. એની દાદીએ એને પોતાની ગોદમાં લઈ લીધો હતો અને અનાજ સાફ કરવાવાળી એક સ્ત્રીના દૂધ પર ઉછેર્યો હતો. નંદને ચાર મોટા ભાઈઓ હતા અને એક બહેન, પણ ભાઈઓમાંથી બે મરી ગયા. એક ભાઈ ‘ગોપાલસિંહ’ ઘરસંસાર છોડીને શરાબી થઈ ગયો અને એક હાકિમસિંહ સાધુઓના ડેરામાં જઈને બેસી ગયો. નંદનો બધો સ્નેહ પોતાની બહેન ‘હાકો’ ઉપર હતો.

બહેન હાકો સુંદર હતી અને એનાં લગ્ન બેલાસિંહ સાથે થાય છે, પણ લગ્ન પછી હાકો સાસરે ન ગઈ. પિયરમાં જ રહી. એણે વૈરાગ્ય લઈ લીધો. એ રાતે કાચા ચણા પલાળી દેતી અને સવારે ખાઈ લેતી અને સાધુ નંદે પણ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં

અને નંદની બહેન બહુ જીવી નહીં. બહેનના મૃત્યુએ નંદને સંસાર પ્રત્યે વિરકતી ઊપજી અને એ મબલખ સંપત્તિનો ત્યાગ કરી સંત દયાલજીના ડેરામાં આવે છે. અહીં એ સંસ્કૃત, વ્રજભાષા અને તત્ત્વજ્ઞાન પણ શીખે છે. મામા-મામીએ અમૃતસરમાં નંદની સગાઈ કરી હતી. એણે સગાઈ તોડી નાખી અને વૈરાગી નંદ કવિતા લખવા માંડ્યો.

અહીં રાજબીબીનાં પણ લગ્ન કરવામાં આવેલ પણ પતિ લશ્કરમાં ભરતી થયો હતો. પછી એના કોઈ સગડ મળ્યા નહીં. નિરાશ રાજબીબી ગુજરાંવાલાની એક નાની સ્કૂલમાં ભણાવતી હતી. એ પોતાની ભાભી સાથે દયાલજીના ડેરામાં માથું નમાવવા આવ્યા કરતી. ભાભી વિધવા હતી. બન્ને એકલી અને ઉદાસ. સ્કૂલમાં ભણાવતી હતી. એક દિવસ બન્ને દયાલજીના ડેરામાં આવી ત્યારે ધોધમાર વરસાદ વરસતો હતો અને દયાલજીએ બાલક સાધુ (નંદ)ને વરસાદ અટકે ત્યાં સુધી કવિતા સંભળાવવાનું કહ્યું. દયાલજી હંમેશ માફક આંખો મીંચીને કવિતા સાંભળતા અને જ્યારે આંખો ખોલીને જોયું તો સાધુ નંદની આંખો રાજબીબીના મુખ તરફ તકાયલી હતી. દયાલજીએ રાજબીબીની વ્યથાભરી કથા સાંભળી અને પછી નંદને કહ્યું, ‘‘આ ભગવા વસ્ત્રોનો ત્યાગ કરો અને ગૃહસ્થાશ્રમમાં પગ મૂકો.’’

અને લેખિકા કહે છે:

આ જ રાજબીબી મારી મા બની અને નંદ સાધુ મારા પિતા. નંદે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો ત્યારે પોતાનું નામ કરતારસિંહ રાખ્યું. કવિતા લખતા હતા એટલે એક ઉપનામ પણ - પીયૂષ! દસ વર્ષ પછી મારો જન્મ થયો. એમણે પીયુષ શબ્દનો પંજાબીમાં અનુવાદ કરીને મારું નામ અમૃત પાડ્યું અને પોતાનું ઉપનામ ‘હિતકારી’ રાખ્યું.

ફકીરી અને અમીરી બંને મારા પિતાના સ્વભાવમાં હતાં.

સંત દયાલજીનો એક ચેલો હરનામસિંહ હતો. એનો મોટો ભાઈ લગ્ન કરવા માગતો હતો. પણ એની સગાઈ થતાંથતાં રહી ગઈ, કારણકે એની પાસે રહેવા માટે પોતાનું મકાન ન હતું. લેખિકા કહે છે, એના પિતાએ વાત જાણી અને પોતાના દાદાની મિલકતમાંથી બચેલું એક જ મકાન એમણે પેલાના નામે લખી આપ્યું અને પછી પોતે પૂરી જિંદગી ભાડાના મકાનમાં રહ્યા. એ ક્યારેય પોતાનું મકાન ન બનાવી શક્યા અને છતાં એમના મુખ પર ક્યારેય અફસોસ કે પસ્તાવાનો ભાવ ન આવ્યો.

આજ તો હતી એ ફકીરની અમીરી અને આ ફકીરી અને અમીરી એકસાથે લેખિકાના સ્વભાવમાં રહી.

પિતા નંદના ચહેરા પર એક પીડાભરી રેખા દેખાતી હતી. લેખિકાની ઉંમર દસ-અગિયાર વર્ષની હતી ત્યારે માતાનું મૃત્યુ થાય છે. અને આ આઘાતથી પિતા જીવનથી વિરક્ત થઈ ગયા. લેખિકા કહે છે...

હું તેમને માટે એક બહુ મોટું બંધન હતી. મોહ અને વૈરાગ્ય બંને એમને એકબીજાથી વિપરીત દિશામાં ખેંચતા હતા. કેટલીક પળ એવી પણ આવતી હતી - હું ભીતરથી રડી ઊઠતી મને સમજાતું નહીં કે હું એમને સ્વીકાર્ય હતી કે અસ્વીકાર્ય....

પોતાનું અસ્તિત્વ એક જ સમયે વહાલું અને અળખામણું લાગતું હતું....

આજે અર્ધી સદી પછી વિચારું છું. જેમ ફકીરી અને અમીરી બંને એક જ સમયે મારા સ્વભાવમાં છે અને આ સ્વભાવ મારી આંખના આકારની જેમ મને પિતા પાસેથી મળ્યો છે. એમ કદાચ એમની નજર પણ મારી નજરમાં સમાયેલી છે. ક્યારેય એ સમજાતું નથી કે હું મારી નજરમાં સ્વીકાર્ય છું કે નહીં. કદાચ એટલે આખી જિંદગી લખતી રહી જેથી મારી નજરમાં જે કાંઈ મારું અળખામણું હોય તે બધું મારું વહાલું બની જાય.

હવે પછી : બચપણ-

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

## NHS NURSES

DHANJI SHAH ( WHILST ON HOSPITAL)

When I see through the window at night I see the pitch dark night has wrapped herself around the whole planet.

When I see through the window I see twinking stars deep in side the thick clouds showing the signs of solidarity.

When I see through the window I see the roads are empty and dry bearing the weathering strom.

When I see through the window the whole world is sleeping in their cosy bed.

You are toiling and sweating in wintry nights with head high giving us undoubted safety and security.

"NURSES ZINDABAD"

# લાભ ના માલિક નહીં ભાગીદાર બનો

જયંતીલાલ પાસડ

તાતપર્ય એ છે કે તમને કોઈ મદદ પહોંચાડતો હોયે જે જાયેદાદ થી કે પછી માલમતા થી અને એ જો કમાણી નું સાધન હોયે તો સામેવાળો મદદ કે લાભ પહોંચાડે તો એ મદદ કે લાભ સ્વિકારો પણ એના તમે માલિક ન બનો ભાગીદાર બનો.

દાખલા તરીકે સબળા પાસે ગણા ખેતરો છે (અથવાતો દુકાનો છે) એમાનું એક ખેતર નબળા ને આપે ત્યારે નબળા એ ખેતર નુ માલિક નહીં થઈ જવાનું ભાગીદાર થવાનું.

કારણ કે માલિક થઈ જઈએ તો જવાબદારી વધે ને સ્વાર્થી પણું પણ આવી જાયે ને એ સ્વાર્થીપણું આપણે ને સિમિત કરી નાખે છે ને વધારા ની તકો આપણે ખોઈ બેસીએ છીએ.

અને બીજું એ મડેલ લાભ કે મદદ માં આપણે યોગ્ય ઠર્યા તો આપણા ઉપર વિશ્વાસ વધશે ને આપણને અનેકગણી લાભ કે મદદ મડતી રહેશે.

એટલે મડેલ લાભ ને સ્વિકારો પણ માલિક ના રુપે નહીં ભાગીદાર ના રુપે.

તોજ આગળ જતાં નબળા ને સબળા માં આપસી ભાઈચારો પ્રબળ થાયે ને બને માટે લાભ ના ધ્વાર ખુલે છે.

ને ત્યારે આપણે કહી શકિયે કે લાભ કે મદદની પ્રક્રિયા ના માલિક ન બન્યા ભાગીદાર બન્યા એટલે એ મદદ કે મડનારુ લાભ ના બદલાની ચુકવણી કોઈના ખિસ્સામાંથી નહીં હવા માથી ઉભી કરવાની હોયે છે.

એટલે સમાજ પ્રત્યે મદદ કે પોતાની સેવા આપી રહ્યાં છે એમના પ્રયાસ કે પછી એમના હાથ કેમ મજબૂત થાયે એવું લક્ષ બધાનું હોવું જોઈએ.

બીજુ ભલે આપણે આપણા માટે બીજાની મદદ કે સેવા નો લાભ લીધો તો એના તમો જીવનભર રૂણી રહેજો ને બનીશકે તો એ રૂણ પ્રચાર ધ્વારા કે લાગણી ધ્વારા પાછી કેમ ચૂકવી દેવાયે એવા પ્રયાસ કરવાનાં હોયે.

એટલે આપણા સમાજ માં સળગતી સમસ્યાઓ ગણી છે.

અને એના ઉપર પ્રકાશ પાળિયે ને એનો ઉકેલ લાવવાના પ્રયાસ કરિયે. એવું કાઇક મારા લેખ ધ્વારા અલ્પ પ્રયત્નો કર્યા.

ને હું તમામ બધાના નવા વિચારો સાથે આશાવાદી છું.

મુલુન્ડ ઈસ્ટ. (દેઢિયા)
મો : ૯૯૩૦૫૦૩૦૧૮

# વાત છે મારી-તારી-આપણી

✲ હેમા વીરા ✲

## મધર્સ ડે ની ઉજવણી

રમણલિં લગ્ન નક્કી થતાં જ પૂજા ખુશીથી નાચી ઊઠી. વરસો પછી આ ઘરમાં ખુશીના દિવસો આવવાના હતા, કારણકે રમણના સસરા અમેરિકાથી પુત્રીને પરણાવવા આવ્યા હતા. તેથી શુભ પ્રસંગ જલદી આવવાનો હતો. પુત્રવધૂ રિમાનો ઉછેર વિદેશમાં થયો હતો પરંતુ સંસ્કાર ભારતીય હતા.

રિમા ને રમણના પિતા બંને ગાઢ મિત્રો હતા. સુરેશભાઈ અમેરિકા જઈ વસ્યા બાદ, પણ બંનેના સંબંધોમાં ઓટ આવી ન હતી. તેથી ભારતમાં રહેતા મુરતિયાની શોધ આદરી તો તેની નજર મિત્ર પ્રકાશના પુત્ર રમણ પર અટકી, તેથી સુરેશભાઈએ પ્રકાશના કાને વાત નાખી ને રમણને પૂછી હા જાણી લીધી. રિમા ને રમણ બચપણના ગાઢ મિત્રો હતા. હકીકતમાં રિમાનું ભારત પ્રત્યેનું ખેંચાણ પણ રમણ જ હતો.

આખરે શુભ દિવસ આવી પહોંચ્યો. પૂજા ખુશીથી ફૂલી નહોતી સમાતી. રમણ ને રીમાની જોડી સુંદર દેખાતી હતી.

'વહુ તો સુંદર લાવી છે ને સાસુ બની જીવવાની કસોટી છે.' અલકાએ હસતાં હસતાં વ્યંગમાં કહ્યું અને બટકબોલી અલકાએ ઉમેર્યું: ''વહુ સાથે જીવતર કાઢવું અઘરું છે.'' અલકા તો ઝેર ઓકી જતી રહી પરંતુ પૂજાના મનમાં ખટકો રહી ગયો. તેણે વિચાર્યું. સ્ત્રી તો સાસુ અને માતા બંનેની ફરજ નિભાવતી હોય છે તો સાસુને વગોવવામાં કેમ આવે છે! મારા ઘરમાં આવું નહીં થવા દઈશ, મનોમન પૂજાએ નિર્ણય લીધો.

લગ્ન ધામધૂમથી થઈ ગયાં, સગા સંબંધીઓ પોતાના ઘરે પાછા ગયા. બે દિવસમાં તો મહેમાનોથી ભરેલું ઘર લગભગ ખાલી થઈ ગયું. ભાભી, વહુ તો સુંદર, ભણેલી, ગણેલી, હોશિયાર લાવ્યા છો, પણ તમે જરા સંભાળીને રહેજો, દેરાણી જતાંજતાં વણમાંગી સલાહ આપીને ગઈ.

એ કાંઈ બોલી શકી નહીં. એને થયું, વહુથી સંભાળીને શું રહેવું, એ પણ એક સ્ત્રી છે. એમાં એને વધારે ગતાગમ પડી નહીં. સવારે રિમા સ્લીવલેસ ગાઉન પહેરી બેડરૂમમાંથી બહાર નીકળી. સોફા પર બેસતાં બોલી, ''ગુડ મૉર્નિંગ મોમ, ડેડી.'' રિમાનો પોષાક

તથા હાવભાવ જોઈને વીસમી સદીની સાસુ આવક થઈ ગઈ, પણ તેણે હોશિયારીથી સમય સાચવી લીધો ને તેણે નક્કી કર્યું કે તેણે એકવીસમી સદીની વહુ સાથે મેળ બેસાડવાનો છે.

બસ, પછી તો બિનધાસ્ત ટી.વી ઑન કરી પોતાનો મનપસંદ પ્રોગ્રામ જોવામાં તલ્લીન થઈ ગઈ. પૂજાને પોતાના દિવસો યાદ આવ્યા જ્યારે તે વહુ બનીને આ ઘરમાં આવી હતી, ને વડીલોને પગે લાગી, આશીર્વાદ લઈ ઘરના કામમાં વ્યસ્ત થઇ જતી.

પૂજા, ટી.વી.નો ખૂબ મોટો અવાજ સવારમાં કોણ કરે છે? મને પ્રભુભક્તિમાં ખલેલ થાય છે. પૂજાની સાસુ પૂજારૂમમાંથી ટહુકી. મોમ, દાદીમા પૂજારૂમનું બારણું બંધ કેમ નથી કરતાં? પૂજા કાંઈ બોલી નહી.

રાત્રે રમણ ને રિમા ફરવા નીકળ્યા ત્યારે રિમાને જીન્સ–ટોપમાં તૈયાર થયેલી જોઈ પૂજા ટોકવા જતી હતી કે રિમા બોલી, 'મોમ, મોટરસાઈકલ પર સાડી પહેરીને મને બેસવાની આદત નથી. પૂજા કાંઈ બોલી નહી'. હસ્તેહસ્તે અનુમતિ આપી દીધી.

'નવવધૂ તો ઝાંઝરના ઝણકાર કરતી નીકળે એ સારું લાગે. પુરુષોના પોશાકમાં વહુ-દીકરી શોભતાં નથી. અત્યારથી કાંઈ બોલીશ નહીં તો માથે ચડી જશે'. ચેતવણીના સૂરે સાસુ પૂજાને બોલ્યાં.

સાસુ એમના સ્થાને બરાબર હતાં, એમના વિચારો યોગ્ય હતા, પરંતુ એકવીસમી સદીની, વિદેશમાં ઉછરેલી વહુ પર જુનવાણી વિચારો જબરજસ્તીથી થોપવાનું પૂજાનું મન ન હતું.

પૂજાને નિયમિત સવારે સાસુને પગે પડતી જોઈ, રિમા એક દિવસ પૂછી બેઠી, 'મોમ, તમને કમરનો દુઃખાવો છે, ડૉક્ટરે વાંકા વળવાની ના પાડી છે, છતાં તમે નિયમિત દાદીમાને પગે કેમ પડો છો? દાદીમા તમને રોકતાં કેમ નથી'.

દાદીમા એનો ઉત્તર આપતાં બોલ્યાં: 'વડીલોના આશીર્વાદ લેવા એ સંતાનોની ફરજ છે! તું પણ એમ કરીશ તો સુખી થઈશ'. પૂજાએ બંનેની ચર્ચા રોકવા બધાને ચા-નાસ્તા માટે બોલાવી લીધા, પરંતુ રિમાની વાત પૂજાને યોગ્ય લાગી.

ને એક દિવસ પ્રકાશભાઈએ પૂજાને કહ્યું કે, તું એકવીસમી સદીની સાસુ થવાનો પ્રયત્ન કરજે. વહુને વીશમી સદીમાં ઘસડવાની કોશિશ કરતી નહીં. આપણી પુત્રવધૂ હોશિયાર, ગુણિયલ, સારા ખાનદાનની છે, તેને પ્રેમથી વાળજે, જો તું જમાનાની સાથે નહિ રહી શકે

તો આપણું કુટુંબ વિખેરાઈ જશે. પૂજા શાંતચિત્તે આ બધું સાંભળી રહી.

તેણે વિચાર્યું આ એ જ વ્યક્તિના શબ્દો છે જે મને સતત વડીલોની સેવા, વડીલો સામે બોલવું નહીં વગેરે સલાહ આપતી હતી.

એક દિવસ સવારે પૂજાએ ઊઠીને જોયું તો આશ્ચર્યચકિત થઈ ગઈ. સામેની દીવાલ પર 'હેપી મધર્સ ડે'નું બોર્ડ ઝૂલતું હતું. આખો રૂમ સજાવેલો હતો. એ બધું પૂજા પુછે કે વિચારે તે પહેલાં રિમા એ સુંદર ગિફ્ટ પૅકેટ પકડાવી દીધું. તેના પર લગાડેલા કાર્ડ પર લખેલું હતું, 'આખા જગતમાં તમે સહુથી બેસ્ટ મા છો, અમને તમારા પર ગર્વ છે'. પૂજા ખુશીથી છલકાઈ ગઈ. પોતાની ભાવના ને ખુશી પર કાબૂ રાખતાં કહ્યું કે, 'દાદીમા માટે કાંઈ લાવ્યાં છો કે નહીં? એમનું સ્થાન મારા કરતાં પણ ઊંચું છે. એ આપણા બધાંની મા છે'

'હા મોમ, તમને સરપ્રાઈઝ આપવી હતી તેથી તમને નહોતું કહ્યું. ડેડને બધી જ ખબર છે. દાદી માટે પણ ભેટ લાવ્યાં છીએ'.

સવારના પહોરમાં ઘોંઘાટ સાંભળી દાદી બહાર આવ્યાં. ત્યાં જ રમણ, રીમાએ પગે લાગી દાદીમાને પણ ભેટ આપી. પૂજા તરત જ પગે લાગવા ગઈ કે દાદીએ તેને ગળે વળગાળી. બોલ્યાં, ''બસ દીકરી, પગે લાગવાનું છોડી દે. 'ગુડ મૉર્નિંગ' શરૂ કરી દે. તને કમરની તકલીફ છે. તું તો કોઈ પણ વહુ ન કરે એવી અમારી સેવા કરે છે. અમારા આશીર્વાદ સદાય તારી સાથે છે. તું પણ મારી દીકરી જ છે.

સાસુના મોઢેથી આવા શબ્દો સાંભળી પૂજા ખૂબ જ આનંદિત થઈ ગઈ. મધર્સ ડેના દિવસે તે ઉત્તમ ઉપહાર પામી હતી. તેનું જીવન સાર્થક થયું હતું. પૂજા ચા બનાવવા રસોડમાં જવા લાગી કે રિમાએ તેને રોકતાં કહ્યું, 'આજે તમારે કાંઈ કરવાનું નથી, તમે આખું વરસ અમારા માટે કરો છો તો એક દિવસ તમારો ચા-નાસ્તો હું બનાવીશ'.

બધાને આજે રજા છે તો આપણે બધા જમીને ફરવા જઈશું અને ડીનર બહાર કરશું. વહુનો નિર્ણય સાંભળી પૂજાને થયું, આજે સમય થંભી જાય તો સારું. કોણ કહે છે કે, પશ્ચિમી દેશોમાં પ્રેમ કે લાગણી નથી.

રિમાનો રસોડામાં જતા જોઈ પૂજા વિચારવા લાગી કે નવા સંબંધો, નવી રીતભાત ભળતા સમય લાગે છે. ધીરજ, પ્યાર તથા સન્માનથી (શ્રદ્ધા ને સબૂરીથી) દરેકને પોતાના બનાવી શકાય છે. અધિકારના અતિક્રમણથી કોઈને વશમાં કરી શકાતા નથી.

ગામ : બેરાજા

મો.: ૯૩૨૨૨૨૨૪૦૦

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

કાનેમંતર વિગરજેં શબ્દેં જી પાંજી સફરમેં પાં હાણે ઘણો પંદ કપી ચૂક્યા અયૂં. ''લપઈ'' જી ગાલ ત પાંકે બૉરી મિઠી લગી. તેનૂં મૉરે 'લપણ' જી પણ ગાલ પાં કિઈ વી!

'લમરસ' જી વ્યાખ્યા કે ટાણે મુંકે ઈંવો જ કોક બેલી જરૂર ઍડ઼ો પણ નિકરી અચીંધો જુકો ખેડૂ જો પુતર હૂંધો ને જેં વટે લમરસ જી કીંક જુધી વ્યાખ્યા પણ હૂંધી. ખેર, અનાં (અઆ) ત કેજો ફોન કે કાગર હથ ચડ્યો નાંય!

ત હાણે પાં હલો ઈગિયા!

૧) લર - પું. (વચ્ચેથી) લળી જવું - ઝૂકવું તે, (m) bend

(વાક્ય) હી આડી વિચાનું લર ખાઈ વિઈ આય ! જિરા સંભારજા ભલા!

૨) લર (પું) (મોટેરાંની મર્યાદા) રાખી નમી જવું- વર્તણૂકમાં નમ્રતા દાખવવી તે, ઝૂકવું તે.

(વાક્ય) ''અગે અસીં વડેં સામેં લર ખાઈ વિઞધાવાસીં, પાંજો ગુનોં ન વે તાંય ઊચેં સે સુણી ગિનંધાવાસીં, હાણે ઍડ઼ો કિડ઼ાં ચર્યો આય?''

હિતે હિકડ઼ી ગાલ ખાસ નોંધ જેડી ખરી, જ કચ્છીમેં 'ળ'(મોટો) ઠેકાણે કાં ત ''ર'' કાળ-કાર, દુકાળ- ડુકાર) અને કાં વરી ''ડ'' ક ''લ'' અચેં (મેળો - મેડ઼ો, પોકળ-પોકલ) ''લર'' જો ગુજરાતી ધ્વનિ આય લળ - લળવું, જે મંથા ગુજરાતી મેં ઈ ચોવાજે જે ''લળી લળી લાગું પાય'' (નીચે નમીનમી આઉં પગેં પાં તો!)

'લર' જે પૅલે અરથમેં માત્ર અભિધાત્મકતા આય, પણ બે અરથમેં' જુકો લાક્ષણિકતા ડિસાજેતી સે - નમ્રતા ને ગુજરાતી લળવું- અહોભાવમાં આવવું ઈ બૉય નિપટ હિકડ઼ે જૅડ઼ા જ નઈં?!

**પનપટીઃ** આજ કે ય ચોવક ન પણ રૂઢિપ્રયોગ મથે જ અચોં! ''લર ખાયણૂં ઈતરે નમ્રતા દાખવવી એડો, અરથ પા લિખ્યો! પણ સવાલ ઈ આય જ ટાર સનડી વૅ ત લરે પણ થુડ, જેડ઼ી જાડ઼ી બે ત કીં લરે? લરણૂં ઈ વ્યક્તિજી સ્થિતિસ્થાપકતા - કોમળતાજો સૂચક આય, કડક, ખરડ઼ થિઈ વિઞે ઊ કીં લરે? જ માડૂ જમાર સજી સામેવારે કે સાનુકૂળ થિઈ સગેત સમજણું.

અભી ભી વો જવાન હૈં, ગઢા નહીં હૂઆ!

- વિશન

## ક્યાં શોધું મારું બચપણ

ક્યાં ખોવાઈ ગયું મારું બચપણ.
દફતર ખભે ઉચકી નિશાળે જતી
મારી દીકરીમાં શોધું હું મારું બચપણ.

નહિ હતી ચિંતાની કોઇ હોડ,
ન કોઇ જવાબદારીનો બોજો,
પોતાની મસ્તીમાં મસ્ત હતું મારું બચપણ.

સમયની સમજણ ન હતી મને,
ન કોઈની શિકાયત હતી મને,
ન વેરઝેર ની ભાવની હતી મનમાં,
નિર્દોષ મસ્તીમાં મસ્ત હતું મારું બચપણ.

ઘડિયાળ ન હતું મારી પાસે
કે મારા દોસ્તો પાસે,
પણ સમય ભરપૂર હતો
એકબીજા ને ભેટવાનો,
આજે ઘડિયાળ છે પણ સમય નથી
દોસ્તો સાથે વિતાવવાનો.
ક્યાં ખોવાઈ ગયું મારું બચપણ.

ન હતા શોપિંગ મોલ્સ બચપનમાં મારા
પણ મનને સુકુન આપે એવા
બાગ બગીચા ખૂબ જ હતા,
જ્યાં અમે દોસ્તો સાથે ઉજજાણી કરતા.
કુદરતના ખોળે વીત્યું મારું બચપણ.

પીઝા, પાસ્તા ની મેહફીલ ન હતી.
પણ મમ્મીના હાથે બનાવેલી
પૂરણપુરીમાં એવી મીઠાશ હતી
કે જાણે દુનિયાની બધી મીઠાશ
આ પૂરણપુરીમાં સમાય હોય.

દોલત નહિ હતી પણ જિંદગીમાં શુકુન હતું
આજે પૈસો છે પણ આકાશમાં
ઉડવા માટે પાંખો નથી.
ક્યાં શોધું હું મારું બચપણ.
ક્યાં ખોવાઈ ગયું મારું બચપણ.

શિલ્પા સમીર વોરા-શિલ્પી
ગામ- ગેલડા

✤✤✤✤✤

## ઐ ખુદા મુઝે મત ડરા

ઉઠાલે બિઠાલે ચાહે ગિરાલે
કભી હસાલે તુ ચાહે રુલાલે.
મોત કો મુઠ્ઠીમેં લીયે ફીરુ મૈં.
તુઝસે ક્યા ડરના ? કભીભી બુલાલે
દોસ્તોને સઝાયા સહેરા,
ક્યા બાત હૈ ?
કોઈ મુઝે તો બતાઓ ?
ઘુટનસી મહેસૂસ હોતી હૈ,
જરા મુંહ સે કફન તો હટાઓ ?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## બૉરો આય.

ખિલણ થોડો નેં રૂંઅણ બૉરો આય,
જીં પીઆરેજો, પિઅણ બૉરો આય.

સાઉકારજી સાઉકારી ઉચાં ઉડેતી,
નેં ગરીભાઈજો, ગચણ બૉરો આય.

ભલેં યેં વિઠા ખાસાઈજી ખામી નાંય,
પ ખુટલાઈજો, ખિલણ બૉરો આય.

મૉભત તા હિતે મારે કુટે થીયે વિઠી,
પ વૅરવાંધે જો, વલણ બૉરો આય.

સારા સખર તા સાધાઈસેં જીએં વિઠા,
પ ચતૂરાઈજો, ચલણ બૉરો આય.

''અગમ'' ચેંતો ઊર મિંજાનું ડિસ યાર,
હિતે માણસાઈજો, મરણ બૉરો આય.

## ચૉકઠો નિપટ ફિટાઇંયેતો.

કિતેક ખિલેંતો કિતેક તું રૂંએંતો.
કિડાંક રુંગેંજી ધાર વિચ રુલેંતો.

ન્યારીયાંતો તૉકે ભરઈ ભાજારમેં.
ભનીનેં ભીખારી ભોમકાતેં પિનેંતો.

સાધુ ભની લેં તો સંભાર સંસારજી,
વરી કિડાંક ભનીનેં સેતાન, સુરેંતો.

કિતેક ડીએં વિઠો ફોરમ કુલડેંજી,
વરી કિડાંક કંઢો ભની કિટાડીએંતો

ભનાય કરે ભાજાર ભાંતભાંતીલી,
મિંજ અલોપ થિઈ ફૉરીસેં ફિરેંતો.

ખણો નતો ભધ કડેં પ પિંઢ મથે,
હે માધવ તોય તું જ, પૂજાજેંતો.

હે મોંઘેરા મોભી છડ લીલા તૉવારી,
''અગમ'' હાંણે ચૉકઠો નિપટ ફિટાઇંયેતો.

આસમલ ધુલિયા ''અગમ''

## વેહવાર

ક્યાંક વરસે ઝરમર ને
ક્યાંક વરસે  અનરાધાર
